પ્રકરણ:૭

વિવેચક દલપત ચૌહાણ

સર્જનાત્મક ક્ષેત્રે સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં દલિતચેતનાને વાચા આપનાર દલપત ચૌહાણ પાસેથી ત્રણ વિવેચનસંગ્રહ મળે છે ૧.'પદચિન્હ' ૨.'સમર્થન' ૩'.શબ્દભેદ'.તેમની પાસેથી પ્રથમ વિવેચન-લેખસંગ્રહ 'પદચિન્હ મળે છે.આ સંગ્રહની પ્રસ્તાવનામાં તેઓ પોતાની વિનમ્રતા પ્રકટ કરતા જણાવે છે"દલિતસાહિત્યની પ્રગતિ ધીમી છે છતાં મક્કમ પગલે આગળ વધી રહ્યુ છે.સાહિત્યની તમામ વિધાઓમાં લખાયુ છે.સારુ લખાયુ છે પરંતુ તેના વિશે જોઈએ તેટલું લખાયુ કે વિચારાયુ નથી.દલિત સાહિત્યને આવકારવા માટે વિવેચકોનો ઉમળકો હજી જણાયો નથી.કોઈ એકાદ નવલકથાને ચોથું મોજુ કહી આવકારનારાઓએ જાણે ઘણું મોટું કામ કરી નાખ્યું છે અને હવે દલિત સાહિત્યમાં કાંઈ નવું આવવાનું કે આવ્યુ નથી તેવુ વલણ દેખાય છે.સાથે દલિત સાહિત્ય સાથે ઓરમાયું વલણ દાખવવાની સામાન્ય વૃતિ થઈ ગઈ છે.હું વિવેચક નથી પણ દલિત સાહિત્યમાં જે કાંઈ સારું કામ થઈ રહ્યુ છે તેને બિરદાવવું તો જોઈએ તે માટે મારો આ નમ્ર પ્રયાસ છે."[૧]પોતાને વિવેચકની કોટિનો ન ગણતા તેઓ અહી પોતાનું એક માત્ર લક્ષ્ય દલિત સાહિત્યમાં જે કાંઈ સારુ કામ થઈ રહ્યુ છે તેને બિરદાવવાનું છે એમ સ્પષ્ટપણે જણાવે છે.વિવેચનનું કામ સર્જાતા જતા સાહિત્યને દિશા સૂચન આપવાનુ છે.એની મર્યાદાઓ તરફ આંગળી ચીંધી યોગ્ય માર્ગે લઈ જવાનું છે.ગુજરાતી દલિત સાહિત્યમાં વિવેચનક્ષેત્રે જોઈએ તેટલુ કામ થયુ ન હોવા છતાં એને પ્રોત્સાહન પૂરુ પાડે તેવા વિવેચનસંગ્રહો મળ્યા છે.

આ પ્રકરણમાં વિવેચક તરીકેની દલપત ચૌહાણની મર્યાદાઓ અને વિશેષતાઓ બતાવી આપવાનો મારો પ્રયાસ છે.તેમનો પ્રથમ વિવેચન-લેખસંગ્રહ 'પદચિન્હ' ઈ.સ.૨૦૦૧માં મળે છે.આ સંગ્રહમાં કુલ ઓગણીસ લેખ છે.આ લેખોમાં તેમણે માત્ર ગુજરાતી દલિત કૃતિઓ વિશે જ નહી પણ કન્નડ અને હિન્દી સાહિત્યની બે દલિત કૃતિઓ વિશે પોતાનો અભ્યાસ રજૂ કરતા લેખો સમાવિષ્ટ કર્યા છે.

પ્રથમ છ લેખ (૧)'દલિત કવિતા તરફ એક નજર'(.૨)'દલિત પદ્ય અને દલિત પ્રશ્નો.'(૩)'આધુનિકોત્તર કવિતા'.(૪)'સાંભળો','આ કવિને તમે ભૂલી નહી શકો!' (૫)'માનવીય સંવેદનાનો દસ્તાવેજ' અને (૬)'સ્વર્ગ તરફ પ્રયાણ વાયા ઓવરબ્રિજ' ગુજરાતી દલિત કવિતા સંદર્ભેના છે.

'દલિત કવિતા તરફ એક નજર'માં તેઓ દલિત કવિતાની વિભાવના સ્પષ્ટ કરવા દલિત સાહિત્યકારો જેવા કે ગણપત પરમાર,દીપક મહેતા,જોસેફ મૅકવાનના અવતરણો ટાંકે છે અને દલિત કવિતામાં શું છે?કેવું કેવું અવતર્યુ છે એની ઓળખાણ કરાવવા જૂના-નવા કવિઓના સંદર્ભ લઈ પોતાની વાત રજૂ કરે છે.દલિત કવિતાની આગવી ઓળખ બતાવી આપતા તેઓ જણાવે છે"દલિત કવિતામાં ભારતીય સંસ્કૃતિ,સામાજિક ચિંતન,ધર્મ,દર્શન અને પૌરાણિકતાને જૂએ છે.સાથે સાથે પોતાની જિંદગીના સંવેદનોને પોતાના આગવા દ્દષ્ટિકોણથી/સૂઝબુજથી જુએ છે.અત્યારસુધીના સાહિત્યે/પુરાણ સાહિત્યે

જેને ભગવાન,મહાન આત્મા કે વિભૂતિ ગણી છે તેને પોતાના નજરિયાથી પોતાના ચશ્માંથી જૂએ છે.પૂરા-અતિપુરાતન ઈશ્વરોથી આજના ગાંધી-આંબેડકરને પોતાની નજરે મૂલવે છે.પોતાના અર્થ કરે છે અને જે પાત્રોને સહેવુ પડ્યુ છે તેની ચોખ્ખી તરફદારી કરે છે.અન્યાયી ભલે ઈશ્વર હોય તો તેનો નકાર/ધિક્કાર કરે છે.પુરાતન.પુરાતન વર્ણવાદી મૂલ્યો-વ્યવસ્થાઓ તરફ ઘૃણા,ઉપદેશો તરફ તિરસ્કાર અને સમાનતાના કોઈપણ ધારકને આ કવિતા પુરસ્કૃત કરે છે.અવઢવમાં કશું જ નથી.બધુ જ સુપેરે નવદ્દષ્ટિકોણથી ચાલી રહ્યુ છે.ગતિ ધીમી છે તો શું થયુ?હા...પુરાણના ચાહકોને આ સાહિત્યે જરુર આઘાત આપ્યો છે અને એય જરુરી છે માનવીય સ્થાપના માટે."[૨]

એક જ વસ્તુને લઈને રચાયેલી કવિતાના સંદર્ભ દલિત કવિતામાં કેવા બદલાય છે એ બાબત તેઓ ઉમાશંકર,સુન્દરમ,સ્નેહરશ્મિ,સુરેશ જોષી,રમેશ પારેખ જેવા કવિઓની સામે દલિત કવિઓ દલપત ચૌહાણ,સાહિલ પરમાર,પ્રવીણ ગઢવી,જીવણ ઠાકોર,કરસનદાસ લુહાર,શંકરભાઈ.બુ.પટેલ,હિંમતભાઈ ખાટસૂરિયા વગેરેની કવિતાની સરખામણી કરી તે સ્પષ્ટ કરી આપે છે.આ લેખમાં તેઓ દલિત કવિતાની લાક્ષણિકતાઓ તારવી આપે છે તે જોઈએ

૧.પુરાણોમાં જે પાત્રોની ઉપેક્ષા કરવામાં આવી છે એવા કર્ણ-કુંતી, અહલ્યા, મંથરા, શકુંતલા, શૂર્પણખા, શંબુક વગેરે પાત્રોને નવીન રીતે રજૂ કરવામાં આવ્યા છે.

૨.દલિત સાહિત્ય એ ઈશ્વરના નકારનું સાહિત્ય છે.ઈશ્વર કે શાસ્ત્રોએ સ્થાપેલા ભગવાનનો સાફ ઈન્કાર કરે છે.ઈશ્વરે આપેલા વરદાનો અને ગોઠવેલી સામાજિક રચનાઓ યજ્ઞફળો અને તેમાંથી નીપજતા મહાન થવાના સ્વપ્નોનેય દલિત કવિ છિન્ન-ભિન્ન કરવા મથે છે.

૩.લલિત કવિની પ્રેમની અભિવ્યક્તિ કરતાં દલિત કવિની પ્રેમની અભિવ્યક્તિ કરવાની રીત નોખી છે.પ્રેમની અભિવ્યક્તિ કરવા દલિત કવિના પ્રતીક/કલ્પન જુદાં છે.દલિત કવિમાં પ્રેમ-સંવેદના સાથે વિફળતા,દુખ-દર્દ,ભવોભવ ભોગવવી પડેલી વેદનાઓ,વિડંબનાઓની અનંત હારમાળાઓ પણ આવી જાય છે.એ વિના તે પ્રેમ-સંવેદનાની અભિવ્યક્તિ કરી શકે એમ નથી.

૪.નવસંસ્કાર,પરંપરાનો છેદ,સમતાયુક્ત સમાજનું નિર્માણ એ દલિત કવિતાનું અંતિમ ધ્યેય છે.મનુવાદી સમાજે નક્કી કરેલા મૂલ્યોનો છેદ-પરંપરાનો તિરસ્કાર કરવા એ ગાળનો પણ સહારો લે છે.દલિત કવિતામાં પુરાણો તરફનો તિરસ્કાર અને પરંપરા તોડવાનો હુંકાર સ્પષ્ટ સંભળાય છે અને આ માટે દલિત કવિ ગ્રામ્ય શૈલીનો-લોકબોલચાલની ભાષાનો સહારો લે છે.

૫.દલિત કવિતા કાવ્યના વિવિધ સ્વરૂપોમાં અભિવ્યક્ત થવા પામી છે.મુક્તકથી લઈને ગીત-ગઝલ અને અછાંદસ જેવા સ્વરુપોમાં આપણને નમુનેદાર રચનાઓ દલિત કવિઓ પાસેથી મળી છે.

અંતમાં લેખકનું અવતરણ જ દલિત કવિતાના નક્કર પદચિન્હની સાબિતી પૂરી પાડે છે તેઓ કહે છે"આ દલિત કવિતા માટે હું એટલુ કહીશ કે નખશિખ હવે હું નવ્ય છું,એકલવ્ય છું.એમાં દ્રોણ પ્રત્યેનો આક્રોશ હોય,સમદુખીયા વચ્ચેનો સમભાવ હોય,ચોમેર પ્રવર્તતી અસમાનતાનો વંટોળ-સામાજિક

વિષમતા,ધાર્મિક અસહિષ્ણુતા વગેરેમાંથી ચળાઈ ગળાઈને આવેલ નક્કર અનુભવોની દેન છે આ કવિતા.આ કવિતા કોઈની દયા ઉપર જીવશે એવું માનવાને કોઈ કારણ નથી.આ દલિત સાહિત્ય પ્રવાહ વેગવાન નથી તો સ્થગિત પણ નથી.નવતર છે અને જેમ જેમ તળગામડાના અને અતિઉંડાણના વિસ્તારોનું ભારત એમાં ભળશે ત્યારે આ કવિતા હજી ઓર રંગ લાવશે એમાં અતિશયોક્તિ નથી."[3]

'દલિત પદ્ય અને દલિત પ્રશ્નો' સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝના ઉપક્રમે સુરત ખાતે આપેલ વ્યાખ્યાન છે.સાહિત્યએ તેના તત્કાલિન સમયના રંગોને જીલવા જોઈએ અને આ બાબતની ખોટ ગુજરાતી સાહિત્યમાં જોવા મળે છે એમ તેઓ આ લેખમાં જણાવે છે અને એની પાછળના કારણભૂત તત્વ તરીકે સાહિત્યકારોની બ્રાહ્મણવાદી માનસિકતાને જવાબદાર ગણે છે.ગુજરાતી દલિત સાહિત્યની ચળવળમાં 'પેન્થર','આક્રોશ','કાળો સૂરજ','નયા માર્ગ','હયાતી','સમાજમિત્ર' જેવા સામયિકોનાં ફાળાને-પ્રદાનને તેઓ અહી યાદ કરે છે.પ્રારંભિક ગાળાની દલિત કવિતાને જીવતી-જાગતી રાખવામાં 'દલિત કવિતા','અસ્મિતા','વિસ્ફોટ','એકલવ્યનો અંગુઠો','દુંદુભિ'જેવા સંપાદનોએ પણ મહત્વનો ભાગ ભજવ્યો તે બાબતની નોંધ લેવાનું ચૂકતા નથી.દલિત કવિતાની આ વિકાસ પામી રહેલી ધારા સંદર્ભે તેઓ જણાવે છે

"દલિત કવિતાએ સામા તીરે તરી પોતાનું સ્થાન મેળવ્યુ છે.દલિત કવિતાએ સામાજિક પ્રતિબદ્ધતાને સ્વીકારીને શરુઆતની થોડીક હળવી નબળાઈ પછી જોમ બતાવ્યુ છે અને આધુનિકતાવાદી વલણ ધરાવતી કવિતાની લગભગ તમામ વિશેષતાઓ જેવી કે પ્રતીક,કલ્પન,પુરાકલ્પનનો વિનિયોગ,સંદિગ્ધતા,સંનિધિકરણ,ભાષાકર્મ,રીતિની નવી તરાહો,અચેતન મનની ગતિવિધિઓ,આરુઢ શબ્દાવલિ,નવીન અલંકાર,અવનવી પ્રાસયોજના ઉપરાંત તળપદ/તળપદી ભાષા,ગીત,ગઝલ,અછાંદસ અને ક્યાંક ક્યાંક છંદમાં કવિતા લખવાના પ્રયત્ન થયા છે.વળી એમાં કશી દુર્બોધતા નથી.આકાર,પદ્યબંધન,સ્વર કાકુઓની એને ચિંતા નથી.એને જે કાંઈ કહેવાનું છે તે બેધડક કહે છે ભલે શિષ્ટ માન્યો એ ભાષાને અશ્લીલ ભાષા કહેવા સુધી ગયા હોય,શિષ્ટ ભાષાનું બંધન તુટતા એને તળપદ/લોકબોલી મળી અને એટલે જ એમાં પોતીકી હિંમત છે,કોઈની છાયા નથી."[૪]

દલિત પદ્યની વિવિધ તરેહો બતાવવા તેઓ સાહિલ પરમાર,દલપત ચૌહાણ,પ્રવીણ ગઢવી,હરીશ મંગલમ,શંકર પેન્ટર,રાજુ સોલંકી,પુરુષોત્તમ જાદવ,નિલેશ કાથડ,કિસન સોસાની કવિતામાં અભિવ્યક્ત થવા પામેલી દલિતચેતનાને ઉલ્લેખે છે.

'આધુનિકોત્તર કવિતા'લેખમાં સાહિત્યમાં ગણતી આધુનિક હવા પછીની ગુજરાતી દલિત કવિતા વિશે વાત કરી છે.માનવીય સંવેદનાને અભિવ્યક્ત કરતી દલિત કવિતા તરફ ગુજરાતી સાહિત્યમાં વર્ચસ્વ ધરાવતા બ્રાહ્મણવાદી સર્જકો દ્વારા થયેલી ઉપેક્ષાને તેઓ અહી નોંધે છે.સવાયા દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવીના કાવ્યસંગ્રહ 'બૅયોનેટ'ની રચનાઓ વિશેનો પોતાનો અભ્યાસ સાંભળો,આ કવિને તમે ભૂલી નહી શકો!લેખમાં રજૂ કર્યો છે."રુપરચના કરતાં વાસ્તવબોધ,મીથ,પુરાતન પાત્રોનો આધુનિક વિનિયોગ,નવરુપે તેમનુ મંડાણ,સહજ ભાવે ખેંચાય આવતો ઈતિહાસ,ઈતિહાસને નવી કેડી પર ચાલતો કરવાની મથામણનો અભિગમ જોવો હોય તો આ કવિને યાદ કરવો જ પડે.કવિતાઓમાં દલિત

આઈડેન્ટિટી સ્વયંસ્પષ્ટ છે.સહજ ચિત્રણ અને ઘટનાપ્રધાનતા આધુનિક મૂલ્યબોધે એઝ ઇટ ઇઝ રજૂઆત પામ્યા છે.પાત્ર,પ્રસંગ કે પ્રતીક,રુપકો દ્વારા દલિતોની સ્થિતિનુ ચિત્રણ ઈતિહાસના સંદર્ભે ક્યારેય જોવાયું નથી.આ નવમાર્ગે (કદાચ)કોઈના પગલાની ચકચકિત છાપ મળતી નથી,જે આ કવિની છે."[૫]ગુજરાતી દલિત કવિતામાં પ્રવીણ ગઢવીના અમૂલ્ય પ્રદાનને ઉપરોક્ત વિધાન મૂલવી આપે છે.

'માનવીય સંવેદનાનો દસ્તાવેજ' લેખમાં મૌન બલોલીના કાવ્યસંગ્રહ દસ્તાવેજની રચનાઓમાં રજૂ થવા પામેલ દલિત સંવેદનાની અભિવ્યક્તિ તરફ આંગળી ચીંધી આપે છે.માનવતાવાદી વિચારસરણીને રજૂ કરતા આ કવિને આવકારતા તેઓ જણાવે છે

"સમાજને પ્રતિબદ્ધ-કવિતાને પ્રતિબદ્ધ માનવતાને પ્રતિબદ્ધ આધુનિકતાનું ડીમ ડીમ વગાડ્યા વિના કવિ મૌન બલોલી આપણી વચ્ચે ચૂપચાપ ઊભો છે.દસ્તાવેજ સામે ધરી કહે છે કરો મૂલ આના,હું તો માનવીની વાત-વ્યથા લઈને આવ્યો છે.એવા કવિનું સ્વાગત કરું છું ને કહુ છુ કે કવિ આ તો ઘણું ઓછુ છે. તારું અલ્પવિરામ હવે પૂરુ થયુ હોય તો પૂર્ણવિરામ તરફ ગતિ કર દોસ્ત! મ્યાનમાં ને મ્યાનમાં કટાવાનું બંધ કર કવિ!હું કહું છું લ્યા, કવિ મ્યાનમાંથી બારો નીકળ હજી તારે ઘણુ કાપવાનું છે,થાપવાનું છે,ઉથાપવાનું છે."[૬]

'સ્વર્ગ તરફ પ્રયાણ વાયા ઓવરબ્રિજ' દલિત સાહિત્યની ચળવળમાં શરુઆતથી જ જોડાયેલા ભી.ન.વણકરના પ્રથમ કાવ્યસંગ્રહ 'ઓવરબ્રિજ'ની વિવેચના આ લેખમાં કરવામાં આવી છે.સંગ્રહની રચનાઓમાં રજૂ થવા પામેલ દલિતોની સામાજિક,આર્થિક અને રાજકીય સંદર્ભની સાથે જે માનવીય દૃષ્ટિકોણ રજૂ થવા પામ્યો છે એ તરફ દલિત વાચકનું ધ્યાન તેમણે દોર્યુ છે.આ સંગ્રહની કવિતાઓ વિશેનો પોતાનો અભિપ્રાય રજૂ કરતા તેઓ લેખના અંતે જણાવે છે"સમગ્ર સંગ્રહમાંથી પસાર થતા જણાય છે કે બે સમાજની વાસ્તવભૂમિ ઉપર આ કવિતાઓ ઊભી છે.નકારનો બોજ લાગતો નથી કિંતુ જે વરવુ અને માનવતાનો છેદ ઉડાડતું અમાનવીય ચિત્ર આપણી સમક્ષ રજૂ થાય છે અને આ કવિતાઓ દલિત કવિતાને જ નહી પરંતુ હાલમાં લખાતી ગુજરાતી કવિતાને પણ નવી રાહ ચીંધે છે.સમગ્ર સમાજે પોતાની પુરાતન અધાર્મિક શૈલીમાંથી બહાર આવવુ જોઈએ તેવી વાત આ કવિતાના સાદા સરળ વિધાનો કાવ્યભાષામાં કરે છે.નારીવાદના વલણો દર્શાવતી મનુવાદનો છેદ ઉડાડતી રચનાઓ,સામાજિક-સાંસ્કૃતિક મૂળિયાને લાગેલ લૂણો ઉચ્છેદવો જોઈએ તેવી વાત કરે છે અને દલિત કવિતાના જળને સ્થિર કરવામાં આગવું પ્રદાન કરે છે."[૭]

ગુજરાતી દલિત કવિતા વિશેના આ લેખો પછી તેમની પાસેથી દલિત વાર્તાઓ વિશેના અભ્યાસ લેખ મળે છે.'અંતરવ્યથા'(પ્રવીણ ગઢવી)'કુંભી'(મોહન પરમાર)'તલપ'(હરીશ મંગલમ)જેવા વાર્તાસંગ્રહો ઉપરાંત 'વણબોટી વાર્તાઓ'(વાર્તા સંપાદન)'વિલોપન' વાર્તાસંગ્રહની પ્રસ્તાવના,હિન્દી સાહિત્યકાર મુન્શી પ્રેમચંદના વાર્તાસંગ્રહ 'ઠાકુરકા કૂઆ'ના અભ્યાસલેખ અહી છે.

સવાયા દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવીના વાર્તાસંગ્રહ 'અંતરવ્યથા'ની વાર્તાઓ વિશે નોંધે છે"સમગ્ર સંગ્રહ ઉપર મીટ માંડીએ તો પ્રવીણ ગઢવી વાર્તારચનાગાળામાં પોતાનાથી દૂર થઈ,સામે દૂર ઊભા

ઊભા પોતાના મિશ્રણ સહિતનું નવું વ્યક્તિત્વ/આભા/આકૃતિઓનું ચિત્રણ કરે છે.એમાં તેમના મોઢેરા પંથકની તળભાષા અને તેમની રચના કરવાની રીતિ(વાર્તા કહેતા હોય એમ)એકબીજામાં તાણાવાણાની જેમ વણાઈ ગયા છે અને તેથી જ વાર્તાનું પોત ઘટ્ટ બને છે."[૮]દલિત વિષયવસ્તુને પ્રતિબદ્ધ આ વાર્તાઓને લેખક ગઢવી છે એનો લાભ મળ્યો છે એ બાબત તરફ વાચકનું ધ્યાન દોર્યું છે તો સાથોસાથ તમામ વાર્તાઓમાં વર્તાતી ભાષાની એકરુપતા વાર્તારચનાને કઠે છે એમ તેમનું માનવુ છે.

'સબળ સર્જકની સફળ કુંભી' લેખમાં મોહન પરમારના કુંભી વાર્તાસંગ્રહની વાર્તાઓમાં રજૂ થવા પામેલા વાર્તાકાર તરીકેના તેમના વિશેષનો પરિચય મણિલાલ.હ.પટેલ,સુમન શાહ,અજીત ઠાકોર જેવા વિવેચકોના મંતવ્યોને ઉલ્લેખીને આપ્યો છે.સાહિત્યની મુખ્ય ધારામાં પહેલેથી જ લખનાર મોહન પરમારનો દલિત સાહિત્યમાં પ્રવેશ ઘણો મોડો થયો એ વાતને નોંધી "કુંભીમાં મોહન પરમાર બે માતાના પુત્ર જરાસંધની જેમ ગુજરાતી વાર્તાના બે પ્રવાહોમાં વહેચાયેલા/ચિરાયેલા છે.શુદ્ધ વાર્તા અને દલિત વાર્તા એમ બે ફાડિયા મોહન પરમારને અતિશક્તિશાળી બનાવે છે."[૯]એમ તેઓ જણાવે છે.કલા અને જીવન વચ્ચેની સમતુલા સુમન શાહના મતે વાચક વાર્તામાં જોવા મળે છે આવી સમતુલા દલપત ચૌહાણને સંગ્રહની અન્ય વાર્તાઓ પટરાણી,તટવર્તી,સોનાનો દોરો,આડંબર,ચૂપચાપ અને પ્રત્યુત્તરમાં પણ દેખાય છે.

'દલિત વાર્તાની મોસમ ઊઘલી છે' લેખ પ્રથમ દલિત વાર્તાસંગ્રહ લઈ આવનાર હરીશ મંગલમનાં વાર્તાસંગ્રહ 'તલપ'ની વાર્તાઓ વિશે વાત રજૂ કરે છે.ગુજરાતી દલિત સાહિત્યમાં આમ તો પ્રથમ વાર્તાસંગ્રહ પ્રવીણ ગઢવી પાસેથી મળે છે પણ દલપત ચૌહાણના મતે પ્રવીણ ગઢવી જન્મે દલિત ન હોવાથી તેઓ પ્રથમ દલિત વાર્તાકાર નથી એમ તેઓ જણાવે છે અને 'તલપ'ને પ્રથમ દલિત વાર્તાસંગ્રહનું બહુમાન આપે છે.

દલિત વાર્તાને વાચવા મૂલવવા માટે શિષ્ટસાહિત્યના માપદંડો-માનદંડોને ધ્યાનમાં લેવાને બદલે દલપત ચૌહાણ દલિત સાહિત્યના આગવા સૌંદર્યશાસ્ત્ર-વિવેચનના ધોરણો તરફ સંકેત કરે છે.તેઓ જણાવે છે"વાર્તા જ્યારે નોખો પરિવેશ,નોખા સ્થળ-કાળ,આગવી ભાષા,લ્હેકા લઢણ,આગવુ દર્શન,જુદી મનોભાવના,ભિન્ન વિભાવના,તીવ્ર આઘાત-પ્રત્યાઘાત લઈને આવે ત્યારે તેને માપવા તેમજ વિવેચવા જૂના વિવેચનના ઓજારો ખપ લાગે ખરા?અને લાગુ પાડવામાં આવે તો તેનાથી તેનું સાચુ રસદર્શન-વિવેચન થઇ શકે ખરુ?સામાન્ય રીતે જવાબ નકારમાં જ આવે.દલિત સાહિત્ય સંદર્ભે જૂના ટૂલ્સ,માપદંડો-માનદંડોનો ઉપયોગ કરવામાં આવે તો દલિત સાહિત્યને અન્યાય કરી બેસીએ.કદાચ,દલિત સાહિત્યનો કેટલોક ભાગ મૂલવી શકાય,સંપૂર્ણ અને સાચી મૂલવણી સંભવી શકે નહી.કેટલાક અમાનવીય વલણો,રૂઢિઓ,માન્ય(કુ)સંસ્કારો એ સંસ્કારોને લીધે નીપજતી વસમી પરિસ્થિતિ(અ)ધાર્મિક માન્યતાઓને આધારે ઉદભવતી માનવીય પીડાઓ,અસ્પૃશ્યતા,અસહિષ્ણુતા અને પજવણીઓને કયા ગજ-માપથી માપવા.સામાજિક ઉતરડના ખ્યાલ અને બંધારણ રિવાજોને વિવેચક જાણતો જ નહોય તો તેમાંથી નીપજેલ કડવાસને કઈ રીતે આસ્વાદી/વિવેચી શકે.બીજાને સમજાવી કે સમજી શકે? સામાજિક સંદર્ભો અને સમાજના મનોસંચલનો ન જાણનાર દલિત સાહિત્યને અન્યાય કરી

બેસે.જે આજ દિન સુધી સાહિત્યનો વિષય બન્યા નથી તેવી જીવનરીતિ અને મનોભાવનાને જૂના માપદંડોથી માપીશુ કઈ રીતે?માટે જ દલિત સાહિત્યની અને તેના વિવેચનની અલગ પરિપાટી તૈયાર થાય તે જરુરી છે."[૧૦]હરીશ મંગલમની વાર્તાઓમાં રજૂ થવા પામેલ દલિત જગત વિશેના પોતાના તારણો રજૂ કર્યા બાદ ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્યનો પ્રવાહ સ્થિર થવા જઈ રહ્યો છે એનો આનંદ તેઓ વ્યક્ત કરે છે.

'વણબોટી વાર્તાઓ પોતીકી કરીએ' નામનો લેખ 'વણબોટી વાર્તાઓ' નામના દલિત વાર્તાસંપાદનની સંપાદકીય નોંધ છે.આ સંપાદનની તમામે તમામ વાર્તાઓ દલિત વિષયવસ્તુને રજૂ કરે છે એમ તેઓ સંપાદકીયમાં નોંધે છે.સમાજલક્ષી વાર્તાઓનો વંટોળ એ ભી.ન.વણકરના વાર્તાસંગ્રહ 'વિલોપન'ની પ્રસ્તાવનારુપે લખાયેલો લેખ છે.ગુજરાતી દલિત સાહિત્યમાં આરંભકાળથી જ જોડાયેલ ભી.ન.વણકરની વાર્તાઓમાં રજૂ થવા પામેલ દલિત જગતની તપાસ દલપત ચૌહાણે આ લેખમાં કરી છે.લેખના અંતે તેઓ જણાવે છે"શરુઆતથી અંત સુધી વાર્તાઓમાંથી પસાર થતા આપણને ગામડાનું રાજકારણ/દલિત સમાજનું શોષણ અને અદલિતોની જોહુકમીના ઉદાહરણો પાને પાને મળે છે.વાર્તાઓના ગદ્ય તરફ જરા વધારે લગાવથી જોઈએ તો આ વાર્તાઓ કવિ/વાર્તાકારની વાર્તાઓ લાગે.કેટલીક જગ્યાએ ગામડાનું ચિત્રાત્મક ગદ્ય જોવા મળે તો ક્યાંક ક્યાંક લોકબોલીની લઢણ સાથે રુઢિપ્રયોગો ડોકાતા જણાય.એટલે જ ગદ્યમાં પદ્યાળુતા હોવા છતા કઠતી નથી.લેખક ગામડાનો જીવ છે ને ગ્રામ્ય સંસ્કૃતિના આટાપાટાની એમને પાકી અને પૂરી સમજ છે.વાર્તામાં લેખક ઘણીવાર હાજર હોય એવુય અનુભવાય છે.લેખકને ગામડામાં રહેલી બુરાઈઓ બદલીને એક સુંદર વ્યવસ્થા ઊભી થાય તેવુ સ્વપ્ન છે પણ તેમાં કશો બદલાવ આવે તેવા એંધાણ જણાતા નથી પણ તેઓ હિંમત હારે તેવા નથી."[૧૧]

હિંદી સાહિત્ય જગતમાં જેમણે દલિત સમાજને નિરુપવાની પહેલ કરી એવા મુન્શી પ્રેમચંદના પ્રથમ વાર્તાસંગ્રહ 'ઠાકૂરકા કૂઆ'ની વાર્તાઓ વિશેનો અભ્યાસ તેમણે બારમાં લેખમાં રજૂ કર્યો છે.આ સંગ્રહમાં સમાવિષ્ટ દલિત જીવનને અભિવ્યક્ત કરતી વાર્તાઓમાં 'સદ્ગતિ','ઘાસવાલી','દેવી','કફન','ઠાકૂરકા કૂઆ','મૈકુ','પૂસકી રાત' અને 'આંસુઓકી હોલી'માંથી મુખ્યત્વે 'સદ્ગતિ' અને 'કફન' એ બે વાર્તાઓ વિશે વિશદ ચર્ચા કરી છે.આ વાર્તાઓ વિશે જણાવતા તેઓ કહે છે"તેઓની વાર્તાઓ પરંપરિત શૈલી અને સમાજનું યથાતથ દર્શન કે વર્ણન કરીને લખાયેલી છે.એની સચ્ચાઈ અને નીડરતા દાદ માંગે તેવા છે.દલિતોની વાર્તા કહેતા તેઓ દલિતોનુ મનોદર્શન,સવર્ણોના ધિક્કાર,દેખાડા અને અમાનવીય વ્યવહારને આલેખવાનુ ચુકતા નથી.આ બે સમાજો વચ્ચે દુરિતા-ભય,ઓરમાયાપણું અને સ્વપીડન,વેઠ,બેગારી,તુચ્છતા અને નમાલાપણુ,નીભરતા અને કઠોરતા,માનવીય કે અમાનવીય ગુણોના વર્ણન કરતા કોઈનીય શરમ રાખતા નથી."[૧૨]ખરેખર તેમનુ આ નિરીક્ષણ પ્રેમચંદ સંદર્ભે દાદ માંગે તેવુ છે કારણ કે આઝાદી પૂર્વે થઈ ગયેલા આ કર્મશીલ લેખકને બ્રાહ્મણવાદી પરંપરાનો ઘણો વિરોધ સહન કરવો પડ્યો હશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.લેખના અંતે પ્રેમચંદની વાર્તાઓ વિશે જણાવતા કહે છે"તેમની વાર્તાઓમાં કેટલાક પ્રશ્નો હોવા છતાં આ વાર્તાઓમાં આલેખિત દલિત,પીડિત,શોષિત,અજાણ,ગરીબીમાં સબડતા પાત્રોને વાંચીને

આપણા મનમાં કરુણા સાથે ગ્લાનિભાવ ઉપસે છે.ખરું કહીયે તો પ્રેમચંદની આ બધી વાર્તાઓ દલિત જીવનને આલેખવામાં અને હિંદુ ધર્મના આ દૂષણને સૌની સામે સમાજ સામે મુકવામાં અતિ સફળ થઇ છે.ભલે તેમને હિંદુ બ્રાહ્મણ દ્વેષી ગણવામાં આવ્યા હોય અને તેમને મળેલ આ ઉપાલંભ જ તેમની વાર્તાઓની સચ્ચાઇને રણકાવે છે તેથી જ સહેજે એમની હિંમતને સલામ થઇ જાય છે."[૧૩]

ગુજરાતી દલિત નવલકથા આંગળિયાતની ચર્ચા 'દલિત સાહિત્યના લીમડાની મેંઠી ડાળ' લેખમાં કરવામાં આવી છે.નવલકથાને સંદર્ભે સર્જક જૉસેફ મૅકવાનના સમગ્ર સાહિત્યના વિશેષોની પણ ચર્ચા કરી લે છે.તેઓ નોંધે છે"અત્યાર સુધી સમાજના દલિત/પીડિત/કચડાયેલા વર્ગની કથા-વાર્તા કહેવી એ સારું લક્ષણ ગણવામાં આવતુ નહી.સાહિત્યકાર દ્વિધામાં હતો.તેના માર્ગદર્શક બનવાનું કપરું કામ જૉસેફ મૅકવાને પૂરું પાડયું.જો કે દલિત સાહિત્ય લખનારા સાહિત્યકારોએ એકબીજાની આંગળી પકડીને ચાલવાને બદલે જુદા માર્ગ કંડારવા બીડું ઝડપ્યુ.જૉસેફભાઇએ પરંપરિત નવલકથાના ઢાંચામાં રહીને કામ કર્યુ અને કરવાનું સ્વીકારી લીધું.અન્યોએ જુદા માર્ગ લીધા.નવી રચનારીતિ અને આકાર માટે પ્રયત્નો આદર્યા પણ એટલુ તો કહેવુ જોઇએ કે જૉસેફભાઇએ નવલકથાના આકાર,રચનારીતિ કે કહેવાની કળામાં પરંપરા સાથે રહ્યા છતાં વિષયની બાબતમાં પરંપરાનો છેદ ઉડાડયો,વિષયની પરંપરાનું મ્હોરું તેમણે ફગાવીને દલિત સમાજની કડીને સમગ્ર સમાજ સાથે જોડવાનું કામ નવી સંવેદનાના આકાર સાથે કર્યુ.તેમની નવલકથાઓ કળારુપ પામી શકી હોય તેનું સાવ સરળ કારણ તેના પાત્રો અને સર્જનાત્મક ગદ્ય,બોલાતી ભાષા અને તે મશે ગુજરાતના મધ્યતળમાંથી આવતા વણખેડાયેલા ચરોતરી શબ્દો.લેખકે લોકાલ અને મધ્યમ જાતિઓના સામાજિક ઘટનાતત્વથી આગળ વધીને સમાજના છેવાડાનાં માનવીઓની ગાથા આરંભી છે.જેને આપણે ભારતીય સંસ્કૃતિ કહીયે છીએ એના વણદેખ્યા/વણલખ્યા પ્રદેશમાં એ ગમન કરાવે છે.જેને પરિણામે આપણને સમગ્ર ભારતીય સમાજનાં લેખા-જોખા કરવામાં મદદ થઇ શકે છે."[૧૪]માત્ર નવલકથાથી જૉસેફ મૅકવાનની ઓળખ થતી નથી પણ એ સીવાય રેખાચિત્ર અને વાર્તાક્ષેત્રે પણ એમનું બહુમૂલ્ય પ્રદાન છે એ વાત તેઓ અહી નોંધવાનું ચુકતા નથી.તેમના મતે 'આંગળિયાત' પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઇ' કરતાં સહેજ પણ ઉતરતી નથી.નવલકથામાં રજૂ થવા પામેલા ચરોતરી બોલીના વિશેષને દલપત ચૌહાણ બીરદાવે છે. તો નવલકથાની મર્યાદાઓ તરફ પણ તેઓ આંગળી ચીંધે છે"આમ ઘણું નવુ-ઘણું સારુ હોવા છતા થોડુક કઠે એવુ પણ અહી છે.જેમકે ગામના ચૉરે પોટલુ પડતુ મુકી દોડેલો ટીહો ખેતરોમાં આઠ જણા સાથે ધિંગાણું ખેલે છે ને એક જણના કપડા કાઢી તલવારના આડા ફટકા મારે,વાલાનું મૃત્યુ અને ગોલાની મોટર ઉપર ચઢી જવું,ઢસડાવું,ઝાડ સાથે અથડાવું વગેરે થોડુક ફિલ્મીચ લાગે પણ કથાના અંકોડા મેળવવા આ બધુ સહન કરી લેવું પડે તેમાં ખાસ ખોટું જણાાતુ નથી.ટીહાની સ્થિતપ્રજ્ઞતા ક્યારેક કઠે છે."[૧૫]આ અવતરણના છેલ્લા બે વાક્યો જો આપણે નવલકથાને સારી રીતે વાચી હોય તો ખટકે છે કારણકે ટીહાની સ્થિતપ્રજ્ઞતા ક્યારેક નહી પણ નવલકથાની બાંધણીમાં-સંકલનમાં ભંગાણ પાડે છે.ટીહાની સ્થિતપ્રજ્ઞતા જીવંત નહી પણ અપ્રાકૃત જ લાગે છે.

દસકા દાયકામાં પ્રગટ થયેલી મોહન પરમાર કૃત 'પ્રિયતમા'નવલકથાને દલપત ચૌહાણ સાંપ્રત નવલકથાનું એક નોંધપાત્ર ઉમેરણ ગણે છે.નવલકથામાં રજૂ થવા પામેલ દલિતસમાજના સંદર્ભને આપણી સામે મુકી આપતા તેઓ નવલકથાના સમયસંદર્ભને ટાંકી આપવાનું ચૂકતા નથી.જો કે,આ લેખમાં મારી દૃષ્ટિએ દોષરુપ ગણાય એવી એક બાબત એ છે કે તેઓ દલિત સમાજમાંથી આવતા લેખકોમાં દલિત-વાસ્તવિકતા વધારે ઝીણવટપૂર્વક આલેખાય છે અને એ સીવાયના અદલિત લેખકોમાં નહિ.જન્મે દલિત ન હોય એવા ઘણા લેખકોની કૃતિઓમાં દલિત જીવન ઝીણવટપૂર્વક રજૂ થવા પામ્યુ છે જેમકે પ્રવીણ ગઢવી.કન્નડ નવલકથાકાર સંતે શિવરા લિંગણ્ણૈયા ભૈરપા કૃત 'દાટું'નવલકથા વિશે આ લેખમાં વાત કરવામાં આવી છે.તેમના મતે આ નવલકથા દલિત નવલકથાની સાથોસાથ તત્કાલિન ભારતની રાજકીય,સામાજિક અને ધાર્મિક પરિવેશને પણ નિરુપિત કરતી કૃતિ છે.તેઓ આ વિશે નોંધે છે"ચૂંટણીના મતનું રાજકારણ,દલિતોને કચડાયેલા રાખવાની સાજીશો,દલિતોના રીતરિવાજો,માન્યતાઓ,પશુબલિની ક્રિયાઓ,દલિત સ્ત્રીઓના યૌનશોષણની સહજ સ્વીકારની માન્યતા સાથે ગાંધી વિચાર,અહિંસા અને સમજાવટ વગેરે બાબતોને લેખકે પાત્રસંગત ચિત્રણ મુકીને સાંપ્રત સમાજને ઉજાગર કર્યો છે.તેથી આ ચિત્ર ફક્ત કન્નડ સમાજનું ન રહેતા સમગ્ર ભારતીય સમાજનું બની રહે છે.છેલ્લે એટલી નોંધ જરુર લખવી રહે છે કે અત્યારસુધી જે લેખોમાં અને ભાષણોમાં હિન્દુ સમાજને ભાંડવામાં આવતો હતો,તે સમાજને આ નવલકથાએ જાહેર ચૉકમાં નગ્ન કર્યો છે.હિન્દુ ધર્મના દંભ,પાખંડ,અધાર્મિક નિષ્ઠુરતા,અમાનવીય કહેવાય તેટલી હદે વિસ્તરી પડેલી અસ્પૃશ્યતાને લેખકે જે રીતે અહી ચિત્રિત કરી છે તેનો જોટો જડવો મુશ્કેલ છે."[૧૬]

દલપત ચૌહાણ પોતાના દલિત એકાંકીઓ વિશેની ચર્ચા તેમાં રજૂ થવા પામેલ દલિત કથાવસ્તુને ધ્યાનમાં રાખીને 'મારા દલિત એકાંકીની ઓળખ' લેખમાં કરી છે.ગુજરાતી દલિત એકાંકી ક્ષેત્રે જાજું કામ થયુ નથી એનો વસવસો પણ વ્યક્ત કરે છે.ગુજરાતી રંગભૂમિક્ષેત્રે દલિતોની ભવાઇ પરંપરાની નોંધ લેવાતી નથી અને તેની ઉપેક્ષા કરવામાં આવે છે તે બાબત પણ તેઓ અહી નોંધે છે.લવકુમાર દેસાઇ કૃત 'પારેવાનો ચિત્કાર' નાટક વિશેની ચર્ચા સત્તરમાં લેખમાં કરી છે.આદિવાસી વસ્તુને રજૂ કરતું આ નાટક તળપદી બોલીની સાથે શહેરી શિષ્ટ ભાષામાં રજૂ થવા પામ્યુ છે એમ તેઓ જણાવે છે.અઢારમો લેખ 'અસ્મિતા'ની પ્રસ્તાવના સંદર્ભે તેમનો પ્રતિભાવ છે.જૉસેફ મૅકવાન દ્વારા લખાયેલી પ્રસ્તાવનામાં તેમને કેટલીક બાબતો દોષરુપ લાગી છે.તેનો પ્રતિભાવ તેમણે આ લેખમાં રજૂ કર્યો છે.દલિત કવિતાની મૂલવણીમાં જોઇએ એટલો પ્રતિસાદ મળ્યો ન હોવા છતાં સદંતર તેની ઉપેક્ષા થઇ નથી એ બાબત તરફ પ્રસ્તાવનાકારનું ધ્યાન દોરે છે.'અસ્મિતા'માં રજૂ થયેલ દલિત કવિતાઓનો રસાસ્વાદ સારો હોવા છતાં જોસેફ મૅકવાન દલિત વિવેચનને દિશાસૂચન કરવાનું કામ ચૂક્યા છે એમ તેઓ જણાવે છે.દલિત સાહિત્યના વિશેષો સંદર્ભેની વાત સંગ્રહમાં સમાવિષ્ટ ઓગણીસમાં લેખમાં કરી છે.શિષ્ટ પ્રવાહના સાહિત્યકારો દ્વારા દલિત સાહિત્યની થયેલી ઉપેક્ષાઓને તેઓ પોતાનો સણસણતો જવાબ આપે છે.

'પદચિન્હ' પછી તેમની પાસેથી બીજો વિવેચન લેખસંગ્રહ'સમર્થન'મળે છે.આ સંગ્રહમાં કુલ ત્રેવીસ લેખો છે.જેમાં મોટાભાગના લેખો અલગ અલગ સ્થળોએ સેમિનારના ભાગરુપે રજૂ થયેલા છે.પ્રથમ

ચાર લેખ સમગ્ર દલિત સાહિત્યને પ્રસ્તુત કરે છે.બે લેખ દલિત કવિતા વિશે,ત્રણ લેખ દલિત નવલકથા વિશે,છ લેખ દલિત વાર્તા વિશે,પાચ લેખ દલિત નાટક વિશે અને અન્ય મુદાઓને રજૂ કરતા લેખો મળે છે.

દલિત ચેતના અને સાહિત્ય લેખમાં મહારાષ્ટ્રમાં શરુ થયેલુ દલિત સાહિત્યનું આંદોલન ગુજરાતી ભાષા સાહિત્યમાં ઉતરી આવ્યુ એ પહેલા ગુજરાતમાં દલિતોને જાગૃત કરવાનું કામ થઇ ચૂક્યુ હતું એમ તેઓ નોંધે છે.ગુજરાતી ભાષામાં અદલિત સાહિત્યકારો દ્વારા દલિત ચેતનાને અભિવ્યક્ત કરતી રચનાઓ મળે છે એમ તેઓ જણાવે છે.ઔદ્યોગિક ક્રાંતિ અને શહેરો તરફની કૂચને લીધે દલિતોને ભણતરનો મોકો મળ્યો જેમાંથી દલિતોની એક ભણેલી-અક્ષરજ્ઞાન મેળવેલી પેઢી તૈયાર થઇ જેને દલિતોમાં જાગૃતિ લાવવાનું કામ કર્યુ એમ તેઓ જણાવે છે.સાહિત્યના સંપર્કમાં આવેલી આ પેઢીએ શબ્દ દ્વારા દલિતોની વેદનાને વાચા આપવાનું કામ કર્યુ.દલિત નાટક-એકાંકી દલિતચેતના-જાગૃતિમાં મહત્વનો ભાગ ભજવી શકે છે.ગુજરાતી દલિતસાહિત્યમાં દલિત સાહિત્યકારો દ્વારા નાટક એકાંકી લખાયા છે જેમાં વીરમાયાને વિષયવસ્તુ બનાવીને ઘણા નાટક-એકાંકી લખાયા છે.સાહિત્યનાં મુખ્ય પ્રવાહમાં ભવાઇને અસાઇત ઠાકરનું સર્જન માનવામાં આવ્યુ છે.આ જુઠાણાને નકારતા તેઓ અહી જણાવે છે"અસાઇત ઠાકરે બધા વેશ લખી લીધા પણ એ તેનું સર્જન નથી,તેણે લખી લીધા એટલુ જ સત્ય બાકી તો બધુ જુના સમયથી અસ્તિત્વમાં હતું જ,આ વેશમાં જ પહેલીવાર ક્રાંતિની વાતો સમાવાઇ છે."[૧૭]તો દલિત નવલકથાની પહેલી કૃતિના લક્ષણ તેમને ઇ.સ.૧૮૭૨માં સોરાબશા મુનસફ દ્વારા અનુવાદિત'હિન્દુસ્તાન મધ્યેનું ઝૂંપડું'માં દેખાય છે.એ પછી અત્યારસુધી લખાયેલી દલિત નવલકથાઓનો આલેખ રજૂ કર્યો છે.

ઇતિહાસ અને સાહિત્યના સ્વરુપનો સ્વભાવ અત્યારસુધી એવો રહ્યો છે કે ઇતિહાસ અને સાહિત્યનો લખનાર એને પોતાના રંગોની પીછીથી ચિત્રિત કરતો આવ્યો છે.ઇતિહાસકાર અને સાહિત્યકાર જે ધર્મ,વર્ણ કે જાતિમાંથી આવતો એને જ તે લક્ષ્ય બનાવીને લખતો.સમાજનું સાચું રુપ તે આલેખાતો નહી.દલપત ચૌહાણ 'અમારા ઇતિહાસ અને સાહિત્યનો સાક્ષી હું'લેખમાં દલિત સમાજના ઇતિહાસની કાળી બાજુઓને બતાવતા એના સાક્ષી થવાનું બહુમાન પોતે લીધું છે એનો આનંદ વ્યક્ત કરે છે.દલિત સમાજના હાથમાં કલમ આવતા એનો ઇતિહાસ તે આલેખતો થયો.પોતાની સાહિત્યકૃતિઓમાં દલપત ચૌહાણે દલિત સમાજની વાસ્તવિકતાઓને આલેખાવનું ઇતિહાસકર્તવ્ય સારી રીતે નીભાવ્યુ છે એ વાતની પ્રતીતિ આ લેખ વાચતા આપણને થાય છે.દલિત સમાજને ચેતવતા તેઓ અહી નોંધે છે"લેખક આવનાર વિપત્તિઓ જોઇ શકે છે અને એટલે જ ચેતવણી આપી શકે!તેથી હું મારા પોતાનાઓને કહું છું,ચેતો!જુઓ,સમજો....આ એક નિશાળનો દરવાજો ખોલાવતા આપણા વડવાઓએ કેવું વેઠયુ છે!ગામ નજીક રહેવા આવતા કેટલી પેઢીઓએ હિજરત કરી છે.માણસ હોવાનો અધિકાર મેળવવા કેટલુ સહન કર્યુ છે.હવે આ ભૂતકાળ!ભૂતકાળ જ રહે!વર્તમાન અને ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે પ્રયત્ન કરો....આજે આ સવારનો એવો સમય છે જ્યાં દિવસ નથી,રાત નથી.ભળભાંખળું છે.સૂર્ય હવે ઊગવાની તૈયારીમાં છે.ઊઠો એનું સ્વાગત કરો,અન્યથા તમારે ભાગે પાછો અંધકાર આવશે ગઇ સદીઓ જેવો.સાવધાન દોસ્તો!દલિત સાહિત્ય મારો સાક્ષીભાવ છે.ઇતિહાસ છે.સદીઓથી ના લખાયેલો ઇતિહાસ..." [૧૮]

'દલિત સાહિત્યની યથાર્થતાઃસાંપ્રત સંદર્ભ'નામના લેખમાં દલપત ચૌહાણ દલિત સાહિત્યમાં રજૂ થવા પામેલ સાંપ્રત સમયની યથાર્થતા વિશે ચર્ચા કરે છે.કોઈ પણ ભાષાના સાહિત્યમાં તેનો સાંપ્રત સમાજ રજૂ થયેલો હોવો જોઇએ.જોકે,ગુજરાતી સાહિત્યમાં આમ થવા પામ્યુ નથી એમ તેઓ માને છે.ભારતીય સમાજ જાતિવાદી વ્યવસ્થામાં સપડાયેલો હોવાથી તેના સાહિત્ય જગતમાં સાંપ્રત કાળ યોગ્ય રીતે પ્રસ્તુત થયો નથી.તેમના મતે ગુજરાતી દલિત સાહિત્યનો સાંપ્રત આઝાદી પૂર્વેનો છે.આ વાત તેઓ ઉદાહરણ આપીને સમજાવે છે જોકે જે સમાજ પોતાના ભૂતકાળથી પરિચિત હોતો નથી એ સારા ભવિષ્યનું નિર્માણ કરી શકતો નથી એમ જણાવે છે.આંબેડકર અને દલિત પીડિતોનું સાહિત્ય લેખમાં આંબેડકરી વિચારધારાને પ્રગટ કરતા આંબેડકરના પુસ્તકોને સાહિત્યની ગણતરીમાં લેવાનું જણાવે છે.દલિત સાહિત્ય આંબેડકરી વિચારધારાનું સ્વરુપ છે તેથી આંબેડકરને વાંચ્યા સમજ્યા વિના દલિત સાહિત્યકાર પોતાનુ આગવું વ્યક્તિત્વ કંડારી શકતો નથી એમ તેઓ જણાવે છે.'આક્રોશ,ધુંધવાટની કવિતા' અરવિંદ વેગડાના કાવ્યસંગ્રહ 'પગેરુ'ની પ્રસ્તાવના સંદર્ભે લખાયેલો લેખ છે.દલિત સાહિત્યની ચળવળ સાથે આરંભથી જોડાયેલા અરવિંદ વેગડાની કવિતામાં રજૂ થવા પામેલ દલિત સમાજનો અદલિત સમાજ સામેનો,બ્રાહ્મણવાદી વિચારધારા સામેનો આક્રોશ તેમણે અહી છતો કર્યો છે.લેખના અંતે તેઓ નોંધે છે"ખાસ કહું તો આ કવિતાને શુદ્ધ માન્ય કવિતાના માપદંડોથી મૂલવતા અન્યાય થવાની ભીતિ છે પણ માનવતા,શુદ્ધ લાગણી સભર હ્દયથી આ કવિતાને આવકારશો તો કવિતા તમને નિરાશ નહી કરે"[૧૯]તેમની આ ટકોર કાવ્યસંગ્રહમાં પ્રવેશતા પહેલા ધ્યાનમાં લેવી જરુરી થઇ પડે એમ છે.'અપનો પારસ આપ' કવિ ભીખુભાઇ વેગડાના કાવ્યસંગ્રહમાં પ્રસ્તુત થવા પામેલા દલિત સંદર્ભને લેખમાં પ્રસ્તુત કર્યો છે.'મારી નવલકથા ભળભાંખળું' લેખમાં દલપત ચૌહાણે પોતાની નવલકથા 'ભળભાંખળું'સંદર્ભે તેની વસ્તુસંકલના,ભાષા,પરિવેશ,પાત્રાલેખન અને પોતાનું દલિત સમાજ વિશેનું દર્શન પ્રસ્તુત કર્યુ છે.પંડિતયુગના સાક્ષર ગોવર્ધનરામ ત્રિપાઠી અને તેમના સર્જન વિશે અને ખાસ તો 'સરસ્વતીચંદ્ર'માં રજૂ થવા પામેલ તત્કાલિન સમાજદર્શન વિશે દલપત ચૌહાણ દલિતવાચક તરીકે જોવા મૂલવવાનો પ્રયત્ન કર્યો છે.'સરસ્વતીચંદ્ર' નવલકથાનો લેખક બ્રાહ્મણ-ઉચ્ચવર્ગનો અને તેને મુલવનાર વિવેચક પણ બ્રાહ્મણ ઉચ્ચવર્ગનો તો પછી એની તટસ્થતાપૂર્વકની મૂલવણી કઇ રીતે શક્ય બને?આ બાબતને ખુલ્લી કરવાનો પ્રયાસ અહી કર્યો છે.ગુજરાતી સાહિત્યમાં 'કરણઘેલો'ને પ્રથમ નવલકથાનું બહુમાન મળ્યુ પણ એ પહેલા ફ્રેન્ચ નવલકથામાંથી ગુજરાતીમાં સોરાબશા મુનસફ દ્વારા અનુવાદિત થયેલ 'હિન્દુસ્તાન મધ્યેનું ઝૂપડુ'ની ચર્ચા શુદ્ધા ગુજરાતીમાં થઇ નથી એ વાતને તેઓ અહી ભારપૂર્વક જણાવે છે.આ કૃતિના અજ્ઞાતવાસ પાછળનું એકમાત્ર કારણ તે નવલકથાનો નાયક જંગલમાં વસતા એક ગરીબ પારિયા/દલિતની વાત કરે છે.વિધવાવિવાહને સમર્થન કરે છે જે ગુજરાતી સમાજના ઉચ્ચવર્ગના-વર્ણવાદી સાહિત્યકારોને માન્ય નથી એમ તેઓ કહે છે.

હિન્દી સાહિત્યકાર અબ્દુલ્લા બિસ્મિલ્લાહકૃત 'ઝીની ઝીની બીની ચદરિયા' નવલકથામાં રજૂ થવા પામેલ મુસ્લિમ દલિતોના શોષણની વાત શોષણની રેશમી ચાદર લેખમાં કરી છે.વિષયના નાવીન્ય તરફ ધ્યાન દોરતા તેઓ નોંધે છે"એક બાબત મારે ખાસ ઉલ્લેખ સાથે કહેવી છે કે શરિયતના તલ્લાકના વિષયને ખૂબ જ ચીવટ અને સાવધાનીપૂર્વક આલેખ્યો છે.સાચો અર્થ કરવા પ્રયત્ન કર્યો છે ને હું એમને

સફળ સમાજશાસ્ત્રી-ઈસ્લામના જાણકાર ગણું તો એ ખોટું નથી જ.આજ સુધી જે કોઈએ શરિયત કે ઈસ્લામનો વિષય બનાવીને લખ્યુ છે તે વિવાદાસ્પદ બન્યુ છે પણ એ પ્રકારના વિવાદથી આ નવલકથા પર છે.કટ્ટરવાદીઓએ આ નવલકથા વખોડી નથી તે આ નવલકથાનું ઊજળું પાસું છે"[૨૦]ભારતીય મુસ્લીમ સમાજમાં પણ હિન્દુ સમાજની જેમ અસ્પૃશ્યતા જોવા મળે છે અને એનુ રુપ તદ્દન હિન્દુ સમાજવ્યવસ્થા જેવું છે એ વાતને તેઓ અહી નોંધે છે.

બી.કેશરશિવમ કૃત 'જન્મદિવસ'વાર્તાસંગ્રહની વાર્તાઓ વિશેનું પોતાનુ અવલોકન તેમણે જન્મદિવસની પડછે લેખમાં આપ્યુ છે.વાર્તાસંગ્રહની વાર્તાઓમાં રજૂ થવા પામેલ સંવેદન વિશે તેમણે ચર્ચા કરી છે.સમગ્ર રીતે વાર્તાસંગ્રહ વિશેનું તેમનું મંતવ્ય આ પ્રમાણે છે"સમગ્ર રીતે વાર્તાસંગ્રહમાંથી પસાર થતા હૃદયમાં એક વિષાદભાવ ઊભરી આવે છે.દલિતોની વેદનાની અનુભૂતિની અભિવ્યક્તિ લેખકની કલમ દ્વારા સારી રીતે થઇ છે.અન્ય સમાજો દ્વારા દલિતોને થયેલા નાનામાં નાના અને મોટામાં મોટા અન્યાયો,અત્યાચાર લેખકની નજરમાંથી છટકી શક્યા નથી એ જ એમનુ મોટુ જમા પાસુ છે.તેના કારણે આ વાર્તાઓ તો છે જ સાથે સાથે એક દસ્તાવેજ પણ બની જાય છે.દલિત સમાજને વફાદાર,ઘટનાઓ સાથે પૂરેપૂરો ન્યાય,તળપદા સંવાદ, અને જ્યાં જરુર પડી ત્યાં શિષ્ટમાન્ય બોલીનો ઉપયોગ કરતા આ લેખક,દલિત વાર્તાકારોમાં પોતાનું ચોક્કસ સ્થાન નક્કી કરી શક્યા છે.એટલુ જ નહી,ગુજરાતી ભાષાને રળિયાત કરવા માટેની એમની નિષ્ઠાને બિરદાવ્યા સીવાય રહી શકાય નહી,એમની પ્રતિબદ્ધતા,સમાજનિષ્ઠા,ભાષાકૌશલ,રચનારીતિ,ભાવજગત વધારે ને વધારે નીખરે,તેમણે પ્રયોજેલા શબ્દોથી ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ વિશાળ બને છે અને લુપ્ત થતો શબ્દ વારસો સચવાયો છે.તેથી ગુજરાતી ભાષાએ તેમના ઋણી રહેવુ પડશે."[૨૧]ઉપક્રમ ગુજરાતી વાર્તાના ભાષાંતરનો લેખ સૌરાષ્ટ્ર યુનિ.ના ઉપક્રમે યોજાયેલ પરિસંવાદના ભાગરુપે અપાયેલ વક્તવ્ય છે.તુલનાત્મક અભ્યાસની જરુરિયાતરુપે એક ભાષામાંથી બીજી ભાષામાં સાહિત્યકૃતિના અનુવાદનું કાર્ય આજકાલ દરેક ભાષામાં ચાલી રહ્યુ છે.આ લેખમાં તેમણે અનુવાદનું કાર્ય કેટલુ કઠિન છે? તે વિશે વાત કરી છે.કૃતિનો અનુવાદ કરતી વખતે અનુવાદકને પડતી મુશ્કેલીઓ વિશે પણ ચર્ચા કરે છે.ભાષા-શબ્દ-સંસ્કૃતિ વિશે તો અનુવાદકે વિશેષ કાળજી રાખવી પડતી હોય છે એમ તેઓ જણાવે છે.મુંબઇ યુનિ.ના ગુજરાતી વિભાગ દ્વારા આયોજિત 'ટૂંકી વાર્તાઃસ્વરુપ અને સર્જન' વિષયના પ્રમુખ તરીકે અપાયેલુ આ વક્તવ્ય છે.જેમાં તેમણે પોતાની વાર્તાસર્જન વિશેની વાત કરી છે.વાર્તાસર્જન વિશેની કૅફિયત વિશે જણાવતા પહેલા પોતાના જીવનની પ્રતિકુળતાઓ વિશે નોંધ કરતા જણાવે છે"આમ તો હું કવિ,વાર્તાકાર કેમ થઇ ગયો તેનું આશ્ચર્ય મને હજી સતાવે છે.પાછું મારી ગણના સારા વાર્તાકાર તરીકે કરવામાં આવે છે.મારી વાર્તાઓ છેલ્લા કેટલાક વર્ષોથી વર્ષના શ્રેષ્ઠ સંપાદનોમાં સ્થાન પામતી રહી છે.પણ સાચું કહું તો સાહિત્યના અજાણ્યા ક્ષેત્રમાં એક ગામડા-ગામનો દલજી ઉર્ફે દલપત ચૌહાણ,સાહિત્યના સોપાન ચઢતો જાય એ ડગલું-ડગલું આગળ વધતો જાય,તે બાાબત રોમાંચિત કરી મૂકે છે.જ્યારે મનુનો આદેશ હતો,શુદ્રાય ન મતિ દધાય ત્યારે અમે મુંગા હતા,પણ હવે બોલીયે છીએ,અને બીજા સાંભળે છે.હું ખેરાલું તાલુકાના મંડાલી ગામમાં જન્મેલો,ગરીબ માતાપિતાનું સાતમું સંતાન.મારા જન્મવેળા આઝાદી આવી નહતી.પણ દલિતોમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ કે ભણતર શરુ થઇ ગયેલુ.ભણતર એટલે બી.એ,એમ.એ નહી પરંતુ

ધોરણ એક,બે અને ત્રણ ઈતિ સિદ્ધમ.અમારું ગામ ગાયકવાડ સરકારની આણમાં એટલે દરેક જાતિના બાળકોને ભણવું ફરજિયાત.ભણવા ન જાય એનો ચાર આના દંડ થતો શરુઆતમાં તો દલિતોને ભણવા-ભણાવવાનો વિરોધ થયેલો.શાળામાં પ્રવેશ ન મળે છતાં નિશાળમાં નામ લખવામાં આવતા.જ્યાં શાળામાં ભણવા દેવામાં આવતા ત્યાં ક્લાસ બહાર પરસાળમાં બેસીને ભણવું પડતું.મેં પણ નિશાળનાં ઓરડાની બહાર બેસીને એકડો ઘૂંટેલો.ઢોર ચારવા જતો,નારા નરસંગના મોટાભાઈ છાણા-પૂળો કરતા.પણ...અમદાવાદે અમને કઈક જુદી વ્યક્તિ બનાવી દીધા."[૨૨]આમ તો તેમની પ્રથમ વાર્તા 'બદલો'(ગંગામા)સુમન શાહ દ્વારા સંપાદિત 'શબ્દસૃષ્ટિ'માં ઈ.સ.૧૯૮૪માં છપાયેલી.પરંતુ વિષ્ણુ પંડ્યા દ્વારા ઈ.સ.૧૯૮૭માં 'દલિત વાર્તા'વિશેનો વિશેષાંક ચાંદની સામયિક દ્વારા કરવામાં આવ્યો હતો તેના ભાગરુપે તેમની પાસેથી બદલો વાર્તા મળે છે.તેઓ પોતાની વાર્તા વિશે નોંધતા જણાવે છે"મારી વાર્તા એ ફક્ત વાર્તા નથી.દસ્તાવેજ છે.વેદનાની,જીવનની વિચારની વાત છે.આ વાર્તાને ગુજરાતી દલિત વાર્તા અને ગુજરાતી વાર્તામાં આગવું સ્થાન મળ્યુ છે.પણ દલિતોનું કયું સ્થાન?એ પ્રશ્ન હજીય ગુંચવાયા કરે છે.ગોટાયા કરે છે,ઘુમરાયા કરે છે."[૨૩]

'નારી અસ્મિતાની ઓળખ' લેખમાં તેમણે ઈ.સ.૧૯૯૦ની સાલમાં દિલ્હી સાહિત્ય અકાદમીનો ઉડિયા ભાષાનો સાહિત્ય પુરસ્કાર મેળવનાર વાર્તાસંગ્રહ 'પાટદેઈ'ની વાર્તાઓમાં રજૂ થવા પામેલ નારી ચેતના વિશેની વાત કરી છે.તેના લેખક વીણાપાણિ મોહંતી છે.સંગ્રહની તમામ વાર્તાઓ વિશે એક પછી એક વાર્તાની વાર્તાક્ષણોને તેમણે ઊઘાડી આપી છે.અંતમાં સંગ્રહની તમામ વાર્તાઓ વિશે પ્રતિભાવ આપતા તેઓ જણાવે છે"આમ,સમગ્ર વાર્તાઓમાંથી પસાર થતા આપણને વાર્તાકારની સજ્જતાનો ખ્યાલ આવી જાય છે.અહી સ્ત્રીપાત્રોને જીવન સાથે લડતા,બાખડતા,અથડાતાં,કૂટાતા વિજયી થતાં તો વિજયની ઝંખનામાં બધું છોડી દેતા દર્શાવવામાં આવ્યા છે.ઘણીખરી વાર્તાઓની વાર્તાનાયિકાઓનાં વર્ણન તાદશ્ય દેખાયા કરે છે.એટલે કે વાર્તાનું મંડાણ વાર્તાનાયિકાના આવાગમનથી જ થાય છે."[૨૪]વીણાપાણિ મોહંતીની વાર્તાઓમાંથી પસાર થતા એમણે અનુ-આધુનિક સાહિત્યજગતમાં પોતાની અમીટ છાપ મૂકી હોવાની પ્રતીતિ કરાવે છે.નારી વેદનાની કથાઓના વાર્તાસંગ્રહો દ્વારા આ સમયને એમણે રળિયાત કર્યો છે.સ્ત્રી અસ્મિતા અને સ્ત્રી લેખનનો સુમેળ સાધીને તેનો મહિમા વધાર્યો છે.સાચબચાની અને સ્ત્રી સહાનુભૂતિમાં સહેજ પણ ઓટ લાવ્યા સિવાય સમયગાળાને,સાંપ્રતને શબ્દમાં બાંધ્યો છે તે વાર્તાકારનો વિવેક અને પ્રતિબદ્ધતા દર્શાવે છે.હિન્દી દલિત સાહિત્ય જગતમાં ઓમપ્રકાશ વાલ્મિકીનું નામ જાણીતું છે.આ લેખમાં તેમના બીજા વાર્તાસંગ્રહ 'ઘૂસપૈઠિયે'ની વાર્તાઓમાં રજૂ થવા પામેલ દલિત વાસ્તવિકતાઓ વિશે વાત કરી છે.સમગ્ર વાર્તાઓમાં રજૂ થવા પામેલ કથાઘટકો ગુજરાતી દલિત વાર્તાકારો માટે પ્રેરણારુપ છે એમ જણાવતા તેઓ નોંધે છે"અહી તેમની વાર્તાઓમાંથી પણ પ્રધાનસૂર અમાનવીય માનસિક યંત્રણાઓનો છે.જે ગુજરાતી દલિત વાર્તામાં કશુંક ખૂટે છે નો સૂર ઉત્પન્ન કરે છે.માન્ય વાર્તાકળાના માપદંડોને સર કરતી દલિત વાર્તા કેટલાક સાહિત્યકારોના હાથે ફક્ત યૌનસંબંધોના નિરુપણમાં જ રમમાણ રહી છે.દલિતોનું ફક્ત યૌન શોષણ જ થતુ નથી.તેમનુ આર્થિક,સામાજિક,રાજકીય અને ધાર્મિક શોષણ થાય છે.તે તરફ કેટલાક દલિત વાર્તાકારોનાં આંખ મિચામણા દલિત વાર્તા માટે હિતકારક નથી એ સમજવું જરુરી છે.સાથે બીજી ખાસ નોંધ લેવા જેવી કે

અનામતિયા હુલ્લડ,હિન્દુ-મુસ્લિમ ક્લેશ,આપસના સંબંધો,દલિત-મુસ્લિમ સંબંધોની ઘટનાઓ અને સાંપ્રત સમાજ,શહેરી સમાજ દલિત સાહિત્યનું ઓછું કથાવસ્તુ બનેલ છે તે તરફ પણ દલિત સાહિત્યકારોએ ધ્યાન આપવું જોઈએ.ફક્ત કલમ એક જ દિશામાં ચલાવવાથી સ્થગિતતા આવી જાય તેવી સંભાવના રહેલી છે."[૨૫]

ગુજરાતી દલિત વાર્તાના અઢી દાયકાના સફર દરમ્યાન મળેલી વાર્તાઓમાંથી પસંદ કરેલી વાર્તાઓનું સંપાદન 'ગુજરાતી દલિત વાર્તા'નામે દલપત ચૌહાણ પાસેથી મળે છે.પ્રસ્તુત લેખ આ સંપાદનનો સંપાદકીય લેખ છે.જેમાં તેમણે પોતાની વાર્તા પસંદગી પાછળના તથ્યોને નિરુપ્યા છે.અહી પસંદ કરાયેલી વાર્તાઓ વિશે તેઓ નોંધે છે"ગુજરાતી ભાષા સિવાયની ભારતીય ભાષાઓમાં,જન્મે દલિત અને દલિત સાહિત્ય લખતા સાહિત્યકારો સામાન્ય રીતે દલિત સમાજને કેંદ્રમાં રાખીને સાહિત્ય સર્જન કરતા જણાયા છે.પરંતુ ગુજરાતીમાં જન્મે દલિત અને દલિત સાહિત્ય લખનારા કેટલાક સાહિત્યકારો આ બાબતે અપવાદ જેવા છે.એટલે કે મુખ્ય પ્રવાહ સાથે રહીને દલિત સાહિત્ય લખવા પ્રેરાયેલા છે.એટલે કે દૂધમાં અને દહીમાં હાથ રાખે છે(પણ એનાથી દલિત સાહિત્ય પ્રવાહને ફાયદો જ થાય છે એમ હું માનુ છું) તેઓ વાર્તા સાહિત્યના પુસ્તક પ્રકાશન વખતે પણ વાર્તાઓમાં દલિત-અદલિત વાર્તાઓની ભેળસેળ કરે છે.પરિણામે કયું પુસ્તક દલિત સાહિત્યનું છે અને કયું અન્યનું? તે નક્કી કરતા મૂંઝવણ થાય છે.કેટલાક દલિત સાહિત્યકારો દલિત શબ્દનો વિશાળ અર્થ કરીને આદિવાસી,અન્ય પછાતો,ગરીબો સૌને સાંકળી સાહિત્યની રચના કરે છે.કેટલાક સાહિત્યકારો જન્મે અદલિત હોવા છતાંય દલિત સાહિત્યનું/વાર્તાનુ સર્જન કરે છે.પરિણામે દલિત વાર્તા પસંદગીનો પ્રશ્ન ઘણો જ સંકુલ બની જાય છે.એટલા માટે થોડાક સંકુચિત બનીને પણ અહી પસંદ કરેલી વાર્તાઓ માટે દલિત જાતિમાં જન્મેલા વાર્તાકારોની વાર્તાઓ પસંદ કરી છે"[૨૬]આમ, દલિત જાતિમાં જન્મેલા વાર્તાકારોની વાર્તાઓ સાથે અપવાદરુપે તેમણે અદલિત વાર્તાકારો પ્રવીણ ગઢવી,જૉસેફ મૅકવાનની વાર્તાઓ પણ પસંદ કરી છે.આ ઉપરાંત તેમના મતે દલિત વાર્તાને સમજવા કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ જેમકે"દલિત વાર્તાને સમજવા પ્રથમ જાતિભેદ,દલિત-અદલિત સમાજ વચ્ચેની ચડઉતર,અસ્પૃશ્યતાને લીધે ઊપસી આવતી કરુણતા,દારુણ ગરીબી,અવમાનબોધ જેવા ભાવજગતમાં પ્રવેશી ખુલ્લી આંખે નિહાળવું પડે.સમાજનું ગોઠવાયેલું આ ચોકઠુ અને તેની પરંપરામાં વાર્તા ક્યાં જાય છે,કેવી રીતે તનું સંયોજન થાય છે,તેનું સ્વરુપ કેવું છે?બધું જ અંકે કરવુ પડે.આપણે ક્યારેય ના વિચાર્યુ હોય કે માનવ મનોવિચાર સાથે માણસને વળગેલી જાતિના વિચાર જુદા હોય,વ્યવહાર જુદો હોય,પહેરવેશ અને રિવાજોમાં અંતર હોય,એટલું જ નહી ખાવાપીવાની ટેવો રહેવાની અગવડતા-સગવડતા,ઘરબાર,મહોલ્લા-ગલીઓ,ભગવાન,શ્રદ્ધા-અંધશ્રદ્ધા,સ્મશાન,કૂવા,તળાવ બધું જ જુદુ હોય છે તેમાં ઊતરવુ પડે.હિન્દુ સમાજ એક વિચિત્ર અને ન સમજી શકાય તેવી સમાજરચનાનો શંભુમેળો છે.અહી તેના દરેક પાસાંની ઉલટતપાસ કરીને મુલવણી કરવી જોઈએ તેમજ દલિત સાહિત્યને સમજવા હિન્દુ સમાજના છેવાડાના ઘર સુધી જવુ જોઈએ,છેલ્લા છેવાડાના માણસ સુધી જઈએ તો દલિત સાહિત્ય સમજાય"[૨૭]આમ ચોક્કસ કહી શકાય કે સંગ્રહની જ નહી પણ સમગ્ર દલિત વાર્તાપ્રવાહને જાણવા મુલવવા તેમની ઉપર્યુક્ત ટકોર ભાવક-વાચકને મદદરુપ થઇ શકે એમ છે.સંગ્રહમાં સમાવિષ્ટ કરવામાં આવેલ વાર્તાકારોની વાર્તાઓમાં

રજૂ થવા પામેલ વિશેષોને દલપત ચૌહાણ ભૂલ્યા વિના નોંધે છે.અંતમાં તેઓ જણાવે છે"આમ દલિત વાર્તાઓમાંથી પસાર થતા જણાય છે કે દલિત વાર્તામાં તેનો કલાપક્ષ ખૂબ જ ઊંચાઇએ પહોચ્યો છે.આ એકાએક થયુ નથી પરંતુ છેલ્લા વીસ-પચ્ચીસ વર્ષની વાર્તાકારોની તપસ્યાનું પરિણામ છે.અનુઆધુનિક વાર્તાના લક્ષણો અંકે કરતા કરતા દલિત વાર્તામાં તેની કથનરીતિ,વણ્ર્યવસ્તુ,ચઢાવ-ઉતારમાં જુદા જુદા પરિવર્તન આવ્યા છે.છેવાડાના માનવીને યોગ્ય સ્થાન મળતુ થયુ છે અને સબળ વાર્તાકારોથી દલિત વાર્તાજગત રળિયાત થયુ છે તો ગુજરાતી વાર્તાને બળ પૂરું પાડયુ છે એ નક્કર હકિકત છે."[૨૮] સાહિલ પરમારની કવિતા 'એક રકાબી ફૂટી'ના થયેલા નાટયરુપાંતરની ભજવણી સમયે તેમણે આપેલા પ્રતિભાવની નોંધ આ લેખમાં થઇ છે.ભવાઇ એ લોકપરંપરાનું સ્વરુપ છે.તે મૂળે તો પદ્ય સાથે જોડાયેલુ સ્વરુપ છે એમ તેઓ ઉદાહરણ આપીને સમજાવે છે સાથે જ તે કોઇ છંદ-નિયમમાં બંધાયેલ સ્વરુપ નથી પણ ઘટના અને ઘટના સાથેનો સમયબોધ જો તેમાં ન હોય તો તે ચાલી શકે નહી એમ તેમનુ સ્પષ્ટ માનવું છે.સ્ત્રી અસ્મિતાની વાત કરતી આ કવિતામાંથી થયેલ નાટયરુપાંતરમાં કેટલાક ફેરફાર થયા છે"વહુ સાસુના જુલ્મનો પ્રતિકાર કરે છે.આ પ્રતિકાર જાગૃતિ છે જે જરુરી છે.જે કવિતામાં નથી નાટકમાં છે અને તે કામ સ્ત્રીઓ દ્વારા જ થયુ છે."[૨૯]ખરેખર તો સ્ત્રીઓના મનની ગ્રંથિઓ તોડવી જોઇએ જે નાટકે કવિતાની ભૂલ સુધારી છે.તેમના મતે આ કોઇ નવી વાત નથી.પણ લોકપરંપરામાં આ રીતે સ્ત્રી જાગૃતિની વાત કરતું કથાઘટક પહેલા પણ મળે છે.એ વાત તેઓ વિહત મેલડીની વાત દ્વારા સાબિત કરી આપે છે.

ડૉ.રાજેન્દ્ર મહેતા દ્વારા અનુવાદિત હિન્દી નાટક 'દલિત' વિશેની ચર્ચા નાટક વાસ્તવની નજીક લેખમાં કરી છે.હિન્દી નાટયકાર ડૉ.નાગ બોડસ દ્વારા રચિત 'દલિત' નાટકમાં તેના ગુજરાતી અનુવાદક ડૉ.રાજેન્દ્ર મહેતાએ ઘણી તકેદારી રાખી છે એમ તેઓ જણાવે છે.વાસ્તવિકતાને તંતોતંત પ્રકટ કરવામાં સાહિત્યના અન્ય સ્વરુપો કરતાં નાટક વધારે સફળ નીવડે છે.અહી દલપત ચૌહાણ 'દલિત'નાટક દલિતોના જીવનની વરવી વાસ્તવિકતાઓને પ્રકટ કરવામાં કેટલુ સફળ રહ્યુ છે તેની મૂલવણી કરતા જોવા મળે છે.આ ઉપરાંત તેઓ એક વિશેષ વાત નોંધતા જણાવે છે કે "મહારાષ્ટ્રમાં જલસા/તમાશા જેવા લોકપરંપરાના સ્વરુપો દ્વારા દલિતોમાં લોકજાગૃતિ લાવવાનું જેવું કામ થયુ એવુ કામ ગુજરાતમાં ભવાઇ દ્વારા,કાંચળિયા દ્વારા ગવાતા લોકગીતો,ભરથારી દ્વારા ગવાતા રાવણહથ્થા પરના લોકગીતો દ્વારા થયુ નથી."[30]નાટકના થયેલા અનુવાદ વિશે જણાવતા તેઓ કહે છે"ડૉ.રાજેન્દ્ર મહેતાની જહેમત આ નાટકના રુપાંતરમાં જણાઇ આવે છે.તેમણે એકંદરે નાટકને વફાદાર રહીને તેમાં આવતા પાત્રો અને પ્રસંગોને અનુરુપ થવાનો પ્રયત્ન આદર્યો છે.ભાષાંતર એ ઘણુ અઘરું કામ છે.કોઇપણ સાહિત્ય અન્ય ભાષામાંથી બીજી ભાષામાં લઇ જવું નવો જન્મ છે.નવું સર્જન છે.અહી રાજેન્દ્રભાઇનો કસબ કામ આવ્યો છે તેમ છતાં એક દલિત કહેવત યાદ આવે છે"પોતાનો ઑહનો દીવો કરીએ તોય મેંશ તો પડે જ!"કામ ગમે તેટલું કાળજી અને નિષ્ઠા,પ્રેમથી થયુ હોય તોય ક્યાંક નજીવી ચૂક રહી જાય જ.પાના નંબર ૩ ઉપર રંગીલાલ કહે છે"આપણી તો લાપસી થઇ ગઇ હોત લાપસી...! ગુજરાતીમાં આ પ્રયોગ થોડો અજાણ્યો છે ને સીધો હિન્દીમાંથી ગુજરાતીમાં ઉતાર્યો છે પણ તેની જગ્યાએ"આપણી તો ચટણી થઇ ગઇ હોત ચટણી"જેવો પ્રયોગ થયો હોત તો સારું લાગ્યુ હોત,વધારે ઘટ્ટતા જણાઇ હોત,ક્યાંક કાટછાંટ કે આલ્હા જેવા શબ્દો ખટકે છે.આલ્હાની જગ્યાએ કથાગાન વપરાયું હોત તો?પણ આ બધું નજીવું જ ગણાય.અહી

નાટકનો રુપાંતરિત અવતાર ગણાય.રંગમંચ ઉપર જતા આ બધુ બદલાઈ જાય.માત્ર ભજવનારે થોડીક ખાખંત રાખવાની,વાંચનારને તો કાંઇ ખાસ ખટકતું નથી જ."[૩૧]ગુજરાતી દલિત સાહિત્યમાં નાટક-એકાંકીક્ષેત્રે સૌથી વિશેષ પ્રદાન કરનાર દલપત ચૌહાણે 'દલિત એકાંકી સાચી દિશા' લેખમાં દલિત નાટક એકાંકીની ગતિવિધિ વિશે ચર્ચા કરી છે.અગાઉના સંગ્રહમાં તેમણે જણાવ્યુ એમ અહી પણ નોંધતા જણાવે છે કે ભવાઇ એ લોકપરંપરા સાથે જોડાયેલ સ્વરુપ છે.અસાઈત ઠાકર તેનો મૂળ કર્તા નથી.તે ભણેલ ગણેલ હોવાથી તેને તો માત્ર ભવાઈના વેશોને લખી લેવાનું જ કામ કર્યુ છે.ભવાઈના વેશોના મૂળ કહેવાતી અસ્પૃશ્ય જાતિઓમાંની તુરી બારોટ જાતિમાં જોવા મળે છે.દલિતોની ભવાઇ,જાતર પરંપરા તેમના મતે અસાઈત કરતાંય ખૂબ જૂની અને નોખી છે.એ વાતનું સમર્થન તેઓ ઢેડની ભવાઇ વેશમાં નિરુપિત સિદ્ધરાજ જયસિંહ અને માયા વચ્ચે થયેલા સંવાદ દ્વારા કરે છે.અહી તેઓ ભારતની અન્ય ભાષાઓમાં મળતા દલિત નાટક-એકાંકીઓ વિશે પણ નોંધ લે છે ગુજરાતીમાં પૂર્ણ કદના નાટક 'અનાર્યાવ્રત','અંતિમ ધ્યેય','અંગરાજ' તથા 'પાટણને ગોંદરે' દલપત ચૌહાણ પાસેથી મળે છે.હિંદીમાં 'દલિત'(નાગ બોડસ)કન્નડમાં 'તલેદંડ'(ગિરીશ કર્નાડ)'બેરાગે કોરલ' અને 'શુદ્ર તપસ્વી'(કે.વી પુટપ્પા)મળે છે.મરાઠી ભાષામાં નાટક ખાસ લખાયા નથી પણ કેટલાક એકાંકી મળે છે એમ તેઓ જણાવે છે ત્યારબાદ તેઓ મૂળ વાત ઉપર આવતા ગુજરાતીમાં લખાયેલા એકાંકીઓ વિશે વાત કરે છે.શેરીનાટકોની નોંધ લેવાનું ચુકતા નથી ગુજરાતી દલિત એકાંકીક્ષેત્રે દલપત ચૌહાણ,મોહન પરમારનું નામ અગ્રિમ સ્થાને છે. તો 'હયાતી' દ્વારા થયેલા દલિત-એકાંકી વિશેષાંકમાં દલિત-અદલિત નાટ્યકારો પસોથી મળેલા એકાંકીઓની નોંધ લે છે.કન્નડ ભાષાના નાટયકાર ગિરીશ કર્નાડ દ્વારા લિખિત અને ગુજરાતીમાં રુપાલી બર્ક દ્વારા અનુવાદિત બારમી સદીમાં કન્નડ ભાષામાં થઇ ગયેલા કવિ-સંત બસવણ્ણા-બસવેશ્વરના જીવન આધારિત લખાયેલ નાટક 'તલેદંડ'(શિરચ્છેદ)વિશેની વાત ઈતિહાસના સાચા પાના-શિરચ્છેદમાં કરવામાં આવી છે.આ નાટકમાં ગિરીશ કર્નાડ અન્ય નાટકોની જેમ કોઈના પક્ષધર થયા નથી.દલિત કે અસ્પૃશ્યોની તરફેણમાં આ નાટક લખાયુ હોય એમ માનવાનેય કોઈ કારણ નથી તે વેળાએ જે ઘટયુ થયુ તેને જ નાટયરુપમાં મુકી આપ્યુ છે પણ સચ્ચાઇ દર્શાવવા કશી જ દિલચોરી રાખી નથી.તે વખતનો ઈતિહાસ બરાબર ઝીલીને રજૂ કર્યો છે.હિન્દુઓના અત્યાચાર,શરણાઓની કત્લેઆમ પૂરતા સીમિત નથી પણ હિન્દુ ધર્મનો ફરીથી ઉદય,જૈનધર્મના મંદિરોનો કરાયેલો વિનાશ,બૌદ્ધ મઠોના ધ્વંશ સાથે બૌદ્ધોની કરાયેલી ઈતિહાસ સત્ય કતલોની નોંધ તેમના પાત્રો દ્વારા અચૂક લેવડાવી છે."[૩૨]

'શુદ્ર તપસ્વી નવો અર્થ' લેખમાં તેમણે કન્નડ ભાષાના મહત્વપૂર્ણ નાટયકાર કે.વી.પુટપ્પા દ્વારા લિખિત નાટક 'શુદ્ર તપસ્વી'વિશે વાત કરી છે.જેમાં રામાયણમાં આવતા શંબુક મુનિના વધના પ્રસંગને નવો અર્થ આપવાનો પ્રયત્ન નાટયકાર દ્વારા થયો છે.નાટક વિશે જણાવતા તેઓ નોંધે છે"નાટકના ત્રણે દશ્યોની સંકલના,પાત્રો,સંવાદ અને મંચનક્ષમતા નાટયગતિને અનુરુપ છે,ભલે દેશકાળ પુરાણ હોય છતાં આજના દલિત,પીડિત સમાજને ન્યાય આપવામાં આવ્યો છે.ભાષા સંવાદો,સમયને અનુરુપ અને દશ્યને સાંગોપાંગ તાદશ્ય કરવા માટે પૂરતા છે.નાટકનો મૂળભૂત હેતુ હિન્દુ સમાજમાં જે ઊંચનીચ,હલકો ભારે કે નાનો-મોટોની પરંપરા છે તેના મૂળમાં ઘા કરે છે આવી રીતે પુરાણકથાને નવો અવતાર આપવો સમાજને

સંસ્કારી રુપાળો બનાવવાની પહેલ છે."[33]બાલકૃષ્ણ આનંદ દ્વારા સંપાદિત પિતૃગાથા વિશેનો પરિચયાત્મક લેખ તર્પણ કર્યુ છે.સંપાદનમાં ગુજરાતી દલિત સાહિત્યના બાવન જેટલા મહાનુભવોના પોતપોતાના પિતાના વ્યક્તિત્વ વિશેની માંડણી કરવામાં આવી છે.પુસ્તકનો પરિચય કરાવતા તેઓ લખે છે"આ પુસ્તકના રચયિતા બાવન છે.જેમાં દલિત કવિઓ,લેખકો,સમાજસેવકો,રાજકારણીઓ, મિલકામદારો,સરકારી અધિકારીઓ,કર્મચારીઓ,કામદાર આગેવાનો,પ્રોફેસર,શિક્ષકો અને સમાજની તમામ દિશાએથી આવી મળેલ પચરંગી મેળો છે.બધાના પિતાઓએ સમાજ સામે ઉઠાવેલ અવાજ,કોઈની સામે ના ઝૂકવું,લડી લેવુ,અસ્પૃશ્યતા સામે પડકાર,જ્ઞાતિવાળાનો તિરસ્કાર બધું અહી વિસ્તરીને પડયું છે.કોઈએ આજ સુધી ન લખ્યો હોય,ન જાણ્યો હોય,ન સમજ્યો હોય,ન વેઠયો હોય એવો ભૂંડો પણ દલિતો માટે માર્ગદર્શક ઈતિહાસની આ રુપેરી કોર છે."[34]ગુજરાત વિદ્યાપીઠના શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના સમાજકાર્ય વિભાગના અધ્યાપિકા આનંદીબેન પટેલ દ્વારા થયેલા સંશોધનકાર્ય જ્ઞાતિમાં ઊચનીચના ક્રમ,અત્યાચારો અને દલિતોની હિજરત વિશેનો પરિચયાત્મક લેખ દલિતોની હિજરત વિશેઃસંશોધન એક વિચાર... છે.ગુજરાતમાં છેલ્લા પચ્ચીસ વર્ષ દરમ્યાન દલિતો દ્વારા થયેલી સાત જેટલી મોટી હિજરતોમાંથી ત્રણ જેટલી હિજરતોને ધ્યાનમાં રાખી આ નિબંધ તૈયાર થયો છે.આ સંશોધનકાર્ય વિશે જણાવતા તેઓ નોંધે છે"આમ જુદા જુદા સમયે અને કારણે હિજરતો થતી રહી છે તે સમજવા આ પુસ્તક ઉપયોગી થઈ શકે એમ છે.વળી,આ નિબંધના બીજા ભાગમાં દલિતોની સમસ્યાઓમાં આવા પ્રકારના સમાજકાર્યની ઉપયોગિતા દર્શાવવામાં આવી છે.પડકારોને સમાવવામાં આવ્યા છે અને જો વ્યવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં દલિતોના વિકાસ વિષય પર વિદ્યાર્થીઓને શિખવવામાં આવે તો સમભાવી સમાજ ઊભો કરવાનો માર્ગ મોકળો થાય.યોગ્ય વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તો સમાજમાં આનંદીબેન જેવા યોગ્ય વિદ્યાર્થીઓ પછી સમાજસેવકો બની સમાજમાં જાય તો જેઓ એવું માને છે કે પીએચ.ડીનો અભ્યાસ એ માત્ર ડિગ્રી મેળવવા માટે નહી પરંતુ તેના દ્વારા પોતાનો વિકાસ થાય એ પણ સંશોધનનો હેતુ રહ્યો છે."[૩૫]

આદિવાસી સમાજ એ હિન્દુ સમાજનો ભાગ છે લેખ ભાષાકેંદ્ર વડોદરા અને આદિવાસી અકાદમી તેજગઢના ઉપક્રમે ડૉ.ભગવાનદાસ પટેલના આદિવાસી સાહિત્ય સંપાદન વિશે યોજાયેલ સેમિનાર સમયે દલપત ચૌહાણે આપેલ વ્યાખ્યાન છે.ભગવાનદાસ પટેલના આદિવાસી સાહિત્યને ધ્યાનમાં રાખી તેઓ અહી એમ પ્રતિપાદિત કરે છે કે આદિવાસી સમાજ ભલે જંગલમાં વસતો હોય પણ એ પરંપરા,માન્યતાઓ,શ્રદ્ધા-અંધશ્રદ્ધાની બાબતે હિન્દુ સમાજથી દૂર નથી.આદિવાસી સમાજમાં જોવા મળતી પરંપરાઓ,અંધશ્રદ્ધા,માન્યતાઓ સભ્યસમાજમાં પણ જોવા મળે છે.ઉપરાંત અહી તેમણે દલિતોમાં જોવા મળતી પાટપરંપરા મહદંશે આદિવાસી સમાજમાં જોવા મળતી પાટપરંપરા સાથે મળતી આવે છે તે બાબતને તેમણે સરખામણી કરીને સમજાવી છે.

તેમની પાસેથી ત્રીજો વિવેચન લેખસંગ્રહ'શબ્દભેદ' મળે છે.દલિત સાહિત્યની વિભાવનાને પ્રસ્તુત કરતા આ સંગ્રહમાં અઢાર જેટલા લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.જે અલગ અલગ સમયે લખાયને જે તે સામયિકમાં છપાયા છે.અહી સંગ્રહિત અઢાર જેટલા લેખોમાંથી ચાર પ્રસ્તાવના રુપે

લખાયેલા,એક કાવ્યસંગ્રહ 'કામાખ્યા'માટે,એક કવિતા 'કદાચ સરસ્વતી પહોચશે',બે નાટક 'અંગુલીમાલ'અને'દાખલા તરીકે',એક નિબંધસંગ્રહ'ગુજરાતી દલિત નિબંધ' અને દસ જેટલા અન્ય લેખ તથા પ્રશ્નોતરીના જવાબ છે.

પ્રસ્તાવનામાં તેમણે સ્પષ્ટ કહ્યું છે કે આ લેખોને સમજવા માટે તેમજ ગુજરાતી દલિત સાહિત્યને સમજવા માટે કે સમજાવા માટે વાચકે-ભાવકે સૌન્દર્યશાસ્ત્રનો સંદર્ભ ગુજરાતી સાહિત્યનો ધ્યાને રાખવાનો નથી પણ રચાયેલા અને રચાતા આવતાં ગુજરાતી દલિત સાહિત્યનો ધ્યાને રાખવાનો છે.અહી તેમણે એ વાતની પણ ટકોર કરી છે કે ક્યારેક દલિત સાહિત્યના સૌન્દર્યબોધ માટે આંબેડકરી મુવમેન્ટ અને તેમના દ્વારા લખાયેલા સાહિત્ય તરફ નજર નાખવામાં આવે છે ઉપરાંત બુદ્ધકાલીન સાહિત્યના ઉદાહરણ આપી તે કાળ સાથે સરખાવાય છે,જે યોગ્ય નથી.તેમના મતે દલિત સાહિત્યનો ઉદભવ જે પરિવેશમાં થયો એ પરિવેશની ભૂમિકાને મહત્વની ગણે છે અને આ પરિવેશ એટલે ભારતની લોકશાહીગત પ્રણાલી-બંધારણની ભૂમિકાને મહત્વની ગણે છે.

પ્રથમ લેખ 'ભારતીય ભાષાઓમાં દલિત સાહિત્ય'ભારતની વિવિધ ભાષાઓમાં લખાયેલા અને લખાતાં દલિત સાહિત્યનો અછળતો ઉલ્લેખ આપવામાં આવ્યો છે.જેમાં સૌપ્રથમ મરાઠી દલિત સાહિત્યની વાત કરવામાં આવી છે.મરાઠી દલિત સાહિત્યએ એક આંદોલન રુપે પોતાનું અસ્તિત્વ સ્થાપિત કર્યુ હતું જેથી કરીને આજે પણ તે આંદોલનના પર્યાયરુપ બની રહ્યુ છે.મરાઠી દલિત સાહિત્યમાં આત્મકથાએ પોતાની વિશેષ છાપ અંકિત કરી છે.હિન્દીમાં લખાયેલા દલિત સાહિત્યની વાત તેઓ જણાવે છે કે હિન્દી સાહિત્યમાં દલિત સાહિત્ય એવા નામકરણ સાથે દલિત રચનાઓ લખાતી થઈ એ પહેલા જાતિભેદ,વર્ણવ્યવસ્થા,શોષણ,અન્યાય સામે વિરોધનો સૂર વ્યક્ત કરતી રચનાઓ અદલિત સાહિત્યકારો પાસેથી મળે છે.જેમાં પ્રેમચંદ,નિરાલાનો વિશેષ ઉલ્લેખ કરે છે.પંજાબી દલિત સાહિત્યના પ્રમુખ કવિઓમાં ગુરુદાસ રામ, સંતરામ ઉદાસી, વરણદાસ નિધડક,ચાનણલાલ માણેક, મોહનસિંહ લોહિયા, મહાદેવ પાલ, છોટાલાલ,બલવીર માધોપુરી,ડો.હરનેક કલેર, કવિ પાશ મૂખ્ય છે તો ટૂંકીવાર્તાઓના રચયિતાઓમાં મનમોહન બાબા, પ્રિન્સીપાલ સુજાનસિંહ, સંતોખસિંહ ધીર,ગુરુ દયાલસિંહ,નવી પેઢીના વાર્તાકારોમાં પ્રેમ ગોરખી, અતરજિત, કૃપાલ, ભૂરાસિંહ કલેર, મુખતિયાર સિંહ, લાલસિંહ, નછત્તરનો ઉલ્લેખ કરે છે.દલિત રંગમંચને જીવંત રાખનારા નાટયકર્મીઓમાં અજમેરસિંહ, સનીન્દ્ર નંદા, ગુરુ ચરણસિંહ, કેવલ ઘાલીવાલ, સરદાર જિત બાપા, સુમનલતાના નામોલ્લેખ કે છે.તેલુગુ દલિત સાહિત્યમાં દલિત રચનાઓ લખનારા સર્જકોમાં જોષુવા,સૂર્યવંશી,કવિ ખોજા, સ્કૈબાબા, કલેકુરિપ્રસાદ-કવિતાક્ષેત્રે, એન.જી.રંગા, મલ્લાટી વસુંધરા, નમુલકંટી જગન્નાથમ, એન.આર.નાંદી, પોલ્કમ પલ્લી શાંતિદેવી, અરુણા જેવા વાર્તાકારોના વાર્તાસંગ્રહોના નામોલ્લેખ આપ્યા છે..મલયાલમ દલિત સાહિત્યની પૃષ્ઠભૂમિ દલિત ગીતોથી સજાવેલી છે એમ તેઓ નોંધે છે.દલિત ગીત રચનાઓએ દલિતોમાં ચેતના પ્રસરાવવાનું કાર્ય કર્યુ છે તો દલિત ગધના આધ તરીકે ટી.કે.ચાતન વડુતલાને ગણાવે છે.દલિત નવલકથા લખનારા સર્જકોમાં ડી.રાજન,ચિરક્કડ,નારાયણ,તકસી શિવશંકર પિલ્લેના ઉલ્લેખ કરે છે.આ રીતે તેમણે આ લેખમાં ભારતીય ભાષાઓમાં સર્જાયેલા દલિત સાહિત્યની આછી ઝલક પ્રસ્તુત

કરે છે.દલિત સાહિત્ય,દલિત સૌંદર્યશાસ્ત્ર અને દલિત સાહિત્યકાર લેખમાં તેમણે દલિત સાહિત્યની ઓળખ-પરખ માટે રચાયેલા અને રચાતા આવતા દલિત સાહિત્યને ધ્યાનમાં લેવાનું જણાવે છે.દલિત સાહિત્યના સૌંદર્યબોધ માટે રચાયેલા દલિત સાહિત્યના તારણમાંથી જ આવવો જોઈએ એમ તેમનું માનવું છે.તેઓ એ વાત તરફ પણ ધ્યાન દોરે છે કે દલિત સાહિત્યના સૌંદર્યબોધ માટે આંબેડકરી મુવમેન્ટ અને તેમના દ્વારા લખાયેલા સાહિત્ય તરફ અને બુદ્ધકાલીન સાહિત્યના ઉદાહરણ આપી તે કાળ સાથે સરખાવવામાં આવે છે જે યોગ્ય નથી,તેમના મતે તો"દલિત સાહિત્ય એવે સમયે ઉદભવ પામ્યું છે,જ્યાં લોકશાહી,મૂડીવાદી લોકશાહી,સમાજવાદી સમાજરચના અને રાજ્ય દ્વારા સમાજઘડતરની નવીન પ્રક્રિયા અસ્તિત્વમાં આવી,જે પુરાતન રાજ્યવ્યવસ્થા અને ધર્મવ્યવસ્થામાં આ વિગતો હતી નહીં.લોકશાહી પ્રચ્છન રીતે નવી રાજ્ય-સમાજ-વ્યવસ્થા,ધર્મની વ્યાખ્યા અને સામાજિક પરંપરાઓ ઘડે છે,વ્યક્તિ કે સમાજને ચોક્કસ માર્ગે દોરે છે"[૩૬]ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્યનું સૌન્દર્યશાસ્ત્ર રચવાના કોઈ પ્રયત્ન થયા નથી એમ તેઓ નોંધે છે.મરાઠીમાં અને હિન્દી સાહિત્યમાં દલિત સૌંદર્યશાસ્ત્રની વિભાવના અંકે કરવાના પ્રયત્નો થયા છે.ગુજરાતીમાં આ પુસ્તકોના અનુવાદ થયા પણ તેઓ અહી પ્રશ્ન ઉપસ્થિત કરે છે કે"આ પુસ્તકોમાં સૌંદર્યની જે અવધારણાઓને તાગવામાં આવી તે ગુજરાતી દલિત સાહિત્યને પૂરેપૂરી લાગુ પાડી શકાય ખરી?ત્યાં જે આક્રોશ અને યથાર્થ સાથે દલિત સાહિત્ય આકાર પામ્યું તેવી સ્થિતિ અહીં છે ખરી?આપણે દલિત જાતિઓની આપસની સ્થિતિ અને અદલિત સમાજ સાથેની સ્થિતિની સરખામણી કરી શકીએ ખરા?"[૩૭]આમ,આવા મૂળભૂત પ્રશ્નો કરી ગુજરાતની રાજકીય,સામજિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ એની ઉપયુક્તતાને ચકાસવાનો પ્રયત્ન કરે છે.'કવિના સમણાને સથવારે'લેખ પેંથર માસિકના સ્થાપક પુનમચંદ્ર પરમાર પાસેથી જિંદગીના પાછલા વર્ષોમાં મળેલા કાવ્યસંગ્રહ'સમણાને સથવારે'ની પ્રસ્તાવના છે.તેઓ નોંધે છે કે "આ કવિને છંદશાસ્ત્રનો પરિચય છે.તેમણે ગુજરાતી ભાષાની પ્રવર્તમાન ધારાઓમાં છંદોબદ્ધ સૉનેટ,કવિતાઓ અને અછાંદસ પૂરા અધિકારપૂર્વક આકાર્યા છે.સાથે સાથે દલિત કવિતામાં પણ તેમની કલમ ચાલતી રહી છે.જેના પરિણામરુપ આ દલિત કાવ્યસંગ્રહ આપના હાથમાં છે.આ સંગ્રહમાં પંચાણું કવિતાઓને સ્થાન અપાયું છે.આ કવિતાઓને જોતાં,તેમની કવિતાનો ચોક્કસ નકશો જોવા મળતો નથી.એકધારાપણું થોડુંક ખટકે છે તેમ છતાં ક્યાંક ક્યાંક કવિતાના ઉત્તમ અંશ મળી આવે છે.વિચારો એક જ પ્રકારને દર્શાવતા હોય તેમ છતાં તેમાં સચ્ચાઈ જણાઈ આવે છે."[૩૮]

મધુકાન્ત કલ્પિતના કાવ્યસંગ્રહ'તરજુમો'ની પ્રસ્તાવનારુપે લખાયેલો લેખ અહી 'વેદનાનો તરજુમો'નામે ગ્રંથસ્થ થયો છે.આ સંગ્રહની કવિતાઓ વિશે તેઓ જણાવે છે"આ કવિની અછાંદસમાં છંદ નથી,પણ લય છે.ગુંજન નથી,મમળાટ છે.ધડાકા નથી,સંવેદન સભરતાભરી લક્ષણા વિશેષ પથરાયેલી છે.કવિ તો કવિતાના રંગનો મોર છે.તેના પીંછામાં દલિત વેદનાના રંગ અછાના ન રહી શકે.એ નાચે તો તાલ ન ચૂકે...બધું શાસ્ત્રીય ન હોય.લોકતાલ ન તૂટે.એકદમ ગળે ઊતરી જાય તેવી સાવ સાદાઈના રંગે ભીની થયેલી તાર્કિકતા.અછાંદસની મૂળ રેખાઓને પોષતી કે મૂળિયાં મજબૂત કરતી તેજકિરણાવલી સમી બાની આપણને તાજગીસભર કરે છે.કવિની પોતાની કહેવાય એવી અનુભવજન્ય સ્વપીડા ક્યારે આપણી બની જાય તે ઝડપે સમજાતું નથી.પ્રતીતિકર અભિવ્યક્તિ-સંવેદન ઓગળીને અછાંદસમાં એકરસ થઈ ગયું છે."[૩૯]

ગુજરાતી સાહિત્યના વરિષ્ઠ વિવેચક અને કવિ ચંદ્રકાન્ત ટોપીવાળાના કાવ્યસંગ્રહ 'કામાખ્યા'ની કવિતાના વિશેષો વિશે સાંપ્રતની વિડંબના અને કામાખ્યા લેખમાં વાત કરી છે.અનુઆધુનિક કવિતાનો ઉન્મેષ તેઓ કવિની રચનાઓમાં નીહાળે છે.તેઓ જણાવે છે કે"કવિની આ કવિતાઓ પ્રયોગશીલ પ્રતીકધર્મી,નવાં તારણો,નવા અર્થો,અછાંદસીય લયકારિતા,છાંદસીય રણકાર,કાકુઓ,વ્યંગ-કટાક્ષ,દૃશ્ય કલ્પન,શ્રાવ્ય કલ્પન,નવકવિતા બીજ સાથે અનુઆધુનિક સમયગાળાની નીપજ છે.સાવ સાદી લાગતી,ક્ષુલ્લક શીર્ષક ધરાવતી,પરંતુ ગહન ગંભીર તત્વજ્ઞાનના ભાર અને તારથી જોડાયેલી છે.માનવીય કેંદ્ર એણે ક્યારેય દૂર કર્યુ નથી...એ એક આહવાન કરે છે."[૪૦]

'પડળ ખોલો તો સમજાય'લેખમાં રઘુવીર ચૌધરી રચિત કવિતા'કદાચ સરસ્વતી પહોંચશે'નો આસ્વાદ કરાવ્યો છે.ખાસ કરીને દલિત દૃષ્ટિકોણથી આ કવિતાના વિશેષો તેમણે આ લેખમાં બતાવ્યા છે.તેઓ આ કવિતાને કથા-કવિતા તરીકે ઓળખાવે છે અને તેને સુંદરમની 'બામણા ગામની ભંગડી',હિંમત ખાટસૂરિયાની 'ગાય મરી ગઇ બાઇ મરી ગઇ',નીરવ પટેલની 'મારો શામળિયો'કુળની રચના હોવાનું ગણાવે છે.તેઓ આ કવિતા વિશે નોંધે છે કે"આ કવિતામાં કશુંય ઝળાંહળાં નથી.નથી ચંચળતા,વિસ્મય કે સંવેદનાનાં અત્રતત્ર ઝૂમખાં. અહીં જે છે તે પ્રચ્છન્ન-અદૃશ્ય,નરી આંખે ન દેખાય એવું છે.કવિતામાં ફક્ત એક વાર વપરાયેલું કદાચ આખી કવિતાને,તેના મૂળ રુપને પ્રશ્નમાં ફેરવી નાખે છે.આખી કવિતાકથા જાણે કે કદાચ ના કેંદ્રબિંદુ ઉપર વિવર્ત રચતી જાય છે અને ફેલાતા જતા વિવર્તને કદી રોકી શકાતા નથી.કવિતામાં જણાતો સરસ્વતીનો જન્મ અને પિતાનો માનસિક તણાવ બે જ સત્ય છે,પણ તે કદાચની આજુબાજુ ઘુમ્યા કરે છે.કદાચ સારું નઠારું હોઇ શકે.પરંતુ કવિતામાં રચાતો જતો સામાજિક પરિવેશ,વર્તન અને ભાવ-અભાવનો સંયોગ,તેનાં સામાજિક તારણો જે ગૂઢ રીતે શબ્દનાં પડળો નીચે ઢંકાયેલા છે,તે ઉકેલવા જોઇએ.ને ટૂંકમાં કહીએ તો દલિત સમાજ અને અદલિત સમાજના ચરિત્રને આબાદ અને નોખી રીતે ચીતરે છે.એ જ તો આ કવિનો-કવિતાનો વિશેષ છે.સામાજિક વેદનાની સંકેતમાં કહેવાયેલ કથા છે."[૪૧]

'અવતાર અંગુલિમાલ'નો લેખમાં નાટ્યકાર સતીષ વ્યાસ રચિત નાટક 'અંગુલિમાલ'ની સમીક્ષા કરી છે.નાટકની વિશેષતા અને બહુપરિમાણતાનો શરુઆાતમાં પરિચય આપ્યા પછી નાટયકાર સતીષ વ્યાસનો પરિચય પ્રસ્તુત કર્યો છે.એ પછી તેમણે આ નાટકની નાટ્યસ્વરુપની દૃષ્ટિએ તેની સમીક્ષા પ્રસ્તુત કરી છે .છવ્વીસો વર્ષ પૂર્વેની બુદ્ધના જીવન પ્રસંગ સાથે વણાયેલી કથાને આ નાટક રજુ કરે છે તેમ છતાં વર્તમાન કાળના રાજકારણ સાથે આ કથાને લેખકે કેટલી સરસ રીતે વણી લીધી છે તેના તાણાવાણા વિવેચકે આ લેખમાં ખોલી આપ્યા છે.આ લેખ તેમણે મુંબઇ યુનિ.મુકામે યોજાયેલ 'એકવીસમી સદીનું ગુજરાતી સાહિત્ય'વિષયક પરિસંવાદમાં રજુ કર્યો હતો.

'મલક'(નવલકથા),'હરીફાઈ'(એકાંકી)માં દલિત ચેતના લેખમાં તેમણે પોતાની જ નવલકથા 'મલક' અને એકાંકી'હરીફાઈ'માં નિરુપિત દલિત ચેતનાની વાત કરી છે.લેખની શરુઆતમાં વિવેચક ગાંધીજી દ્વારા દક્ષિણ આફ્રિકામાં થયેલા પ્રતિકારને દલિત ચેતના તરીકે ઓળખાવે છે.આ દલિત ચેતના'મલક' અને હરીફાઇમાં ઠેર ઠેર નિરુપાયેલી છે એમ તેઓ જણાવે છે.મલકમાં નિરુપાયેલી દલિત

ચેતનાની વાત કરતા પહેલા તેઓ 'મલક'ની પ્રકાશન વેળાની કેટલીક સ્મૃતિઓને વાગોળે છે.કઇ રીતે દિલીપભાઇ રાણપુરાએ પોતાની આ રચનાને વધાવી તેનો આનંદ વ્યક્ત કરે છે.'મલક'ની ઘટના વાસ્તવિક જીવનની-ભોગવાયેલા યથાર્થની છે.પોતાનું એમાં કશું નથી તેમણે માત્ર એનું લેખન કર્યુ છે એવો એકરાર તેઓ અહી કરે છે.'મલક'ના પાત્રો,એનું ભાષાકર્મ વગેરેની વાત તેઓ કરે છે..તેમના મતે રઘવાટ,અકળામણ,અદલિત સમાજ સામેનો આક્રોશ,ઇશ્વરનો નકાર અને નવા મલકની શોધ એ આ નવલકથાના દલિત ચેતનાના કેંદ્રબિંદુઓ છે.હરીફાઇ એકાંકીસંગ્રહમાં નિરુપિત દલિત ચેતનાની વાત કરતાં પહેલા તેઓ ગુજરાતીમાં લખાયેલા દલિત એકાંકીઓ વિશેની પૂર્વભૂમિકા બાંધી આપે છે.ગુજરાતીમાં દલિત એકાંકી નાટકો ખુબ ઓછા લખાયા છે.દલિત એકાંકી દલિત સમાજનું પક્ષધર હોવું જોઇએ એમ તેઓ અહી જણાવે છે.દલિત એકાંકીની વિશેષતાની વાત કરતા તેઓ નોંધે છે"દલિત નાટકે કેટલાક પુરાણ પ્રસિદ્ધ પાત્રોને પોતાના વીરનાયક ગણ્યાં છે,જેમાં શંબુક,એકલવ્ય,કર્ણ,વાલ્મીકિ વગેરે વિશે ઘણાં એકાંકી લખાયા છે.દલિત સાહિત્યની જેટલી વ્યાખ્યા બાંધવામાં આવી તેમાં પરંપરિત ધર્મ અને ધર્મ-વ્યાખ્યાઓનો વિરોધ કરાયો,ધર્મ સામે વિદ્રોહ અને પુરાતન પાત્રોના નવા અર્થઘટનની વાત કરવામાં આવી.સામાન્ય રીતે જે પાત્રો પૂજનીય છે અને જેમણે અધાર્મિકતા આચરી છે,તેમને માફ કરવામાં આવ્યાં છે તેવાં પાત્રોને દલિત એકાંકી ખુલ્લાં પાડે છે,જેથી વર્ણાશ્રમ ખોટો છે તે વિગતોને બળ મળે છે."[૪૨]

'અંતિમ ચરણ'અને'સંજય અને છગન'મહાભારતની કથા પર આધારિત છે તો બાકીના સાત એકાંકી સાંપ્રત સામાજિક-દલિત સમસ્યાઓ સાથે જોડાયેલા છે.સતીષ વ્યાસ'અંતિમ ચરણ'ને અદલિત એકાંકી તરીકે ઓળખાવે છે.જે વિવેચક દલપત ચૌહાણના મતે સત્ય નથી.માટે તેઓ દલિલ કરતા જણાવે છે કે"અગાઉ મેં કહ્યું છે કે દલિત ચેતનાનો એ પણ મુદ્દો છેકે પરંપરિત ધર્મ અને ધાર્મિક પાત્રોનો ઉચ્છેદ કરવો,તેમના ચરિત્રની છુપાયેલી કાળી બાજુને ખુલ્લી કરવી.તેમને તેમના અસલ રુપમાં રજૂ કરવાં,તેમના તરફનો ખોટા પૂજ્યભાવ અહોભાવનો નાશ કરવો"જે આ એકાંકીના પાત્રો સંદર્ભે થયેલું જોવા મળે છે.લેખના અંતે તેઓ નોંધે છેકે"દલિત સાહિત્ય નવલકથા કે નાટકમાં દલિત ચેતના,દલિતત્વ,દલિતોનું મનોગત જેવાં સવાલો જ શા માટે પુછાય છે?સંમેલનોમાં સાહિત્યકલા વિશેના સવાલો કે વિષયોની ફાળવણીને બદલે દલિત સમાજના સંદર્ભે ફાળવણી શા માટે કરવામાં આવે છે?દલિત સાહિત્યને કલા-સાહિત્ય સાથે શું લેવાં દેવા નથી?અહી આપણે દલિત ચેતનાને બદલે નવલકથાનાં પાત્રોનું મનોગત પાત્રાલેખન,નવલકથાની રચનારીતિ,આ નવલકથા નવલકથા બને છે કે કેમ,તે ઉત્તમ નવલકથા છે કે કેમ-એની અન્ય ગુજરાતી નવલકથા સાથે સરખામણી વગેરે ન રાખી શકીએ.એકાંકીઓમાં પાત્રોગત પ્રશ્નો,નાટક સંદર્ભેના પ્રશ્નો કેમ પુછાતાં નથી.નાટકો રંગમંચને અનુરુપ છે કે કેમ?આપણે'માનવીની ભવાઇ'માટે પટેલોનું મનોગત પૂછતાં નથી.હવે જ્યારે દલિત સાહિત્યનો સ્વીકાર થઇ ગયો છે ત્યારે ફક્ત દલિત સમાજ તરફી ન ગણાતા સમગ્ર માનવ સમાજ અને સાહિત્ય તરફી ગણીને તેની મુલવણી કરવી જોઇએ.।હી જે દલિત ચેતના છે તે સમગ્ર સમાજના ભાગરુપે તેને અલગ ગણવાની વૃતિ હવે ઘટવી જોઇએ.અહી તો કથા-નાટકો ફક્ત દલિત સમાજને ચીતરતા નથી,આખા સમાજનું દર્પણ છે તે રીતે તેમને સમગ્ર રુપે જોવાં જોઇએ,સ્વીકારવા જોઇએ"[૪૩]

‘દાખલા તરીકે નવા પગરણ’લેખમાં ગાંધીનગર ટાઉન હોલમાં જોયેલું નાટક દાખલા તરીકેનો આસ્વાદ અને પોતાના મત રજૂ કર્યા છે.‘દલિત નાટકોમાં નવું ઉમેરણ’પોતાની ચોથી નવલકથા રાશવા સૂરજનું જાણીતા દલિત નાટયકાર-દિગ્દર્શક હર્ષદ પરમાર દ્વારા એ જ શીર્ષક હેઠળ કરેલા નાટય રુપાંતર રાશવા સૂરજની વાત કરવામાં આવી છે.નાટક નવલકથાને સંપૂર્ણપણે વશવર્તીને ચાલ્યું છે એમ તેઓ જણાવે છે.તેઓ નોંધે છે કે“નાટ્ય સામગ્રી નવલકથામાંથી ભરપૂર લીધી છે.સારા સંવાદને,કાર્યગતિનું નાટ્યબળ મળે છે.યથોચિત માવજત મળતાં નાટક જાણે સારી રીતે પૂર્ણ થાય છે.દલિતોનું સમુહ માનસ,સાથે સવર્ણ સમાજનું સમૂહ માનસ સૂપેરે સમજાય છે.દલિત સમાજની સમસ્યાઓ,ગામડાઓના રાજકારણના આટાપાટા,શોષણ વગેરેને ઉજાગર કરતું નાટક રાશવા સૂરજ જાણે કે નવલકથાથી સ્વતંત્રપણે નાટક બનીને ઊભું રહે છે”[૪૪]

‘નવલકથામાં દલિત ચેતના’આ લેખમાં તેમણે ગુજરાતી દલિત નવલકથામાં આલેખાયેલી દલિત ચેતનાની વાત પોતાના દાયરામાં રહીને કરી છે.એ પહેલા તેઓ કહે છે કે ગુજરાતી દલિત સાહિત્ય એ કોઈ અલગ ચોકો નથી પણ ગુજરાતી સાહિત્યનો જ એક હિસ્સો કે ધારા છે.તેઓ દલિત સાહિત્યને એક આવિષ્કાર તરીકે ઓળખાવે છે.એના તર્કમાં તેઓ કહે છે કે દલિત સાહિત્ય એ કોઈ સાહિત્યની નકલ કરીને નહી;પરંતું સ્વની સૂઝબૂઝ દ્વારા દલિત સાહિત્યકારોએ પોતાની આગવી રાહ કંડારવાનો પ્રયત્ન કર્યો છે.ગાંધીયુગમાં લખાયેલી દલિત નવલકથાઓમાં દલિત વેદના,વ્યથાકથા કે પૂર્ણ પરિવેશ ઘૂંટાયેલા નથી મળતા એની પાછળનું કારણ તેઓ એ લેખકો દલિત સમાજના ન હોવાનું જણાવે છે.અનુઆધુનિકયુગમાં મળતી નવલકથાઓમાં પિનાકિન દવેની‘પ્રલંબપંથ’,રામચંદ્ર પટેલની ‘વરાળ’,રઘુવીર ચૌધરીની‘ઈચ્છાવર’,ચીનુ મોદીની‘કાળો અંગ્રેજ’,કિશોરસિંહ સોલંકીની‘મશારી’,જયંત ગાડીતની‘પ્રશાંમુ’નો સમાવેશ થાય છે.આ નવલકથાઓમાં તેમને દલિત સમાજના પ્રશ્નો,વિભાવનાઓ,ઈચ્છાઓ,આકાંક્ષાઓમાં કશોક અભાવ વર્તાય છે.તેઓ ગુજરાતી દલિત નવલકથાના પગરણ ઈ.સ.૧૮૬૨માં પ્રગટ થયેલ શોરાબશા મુનસફના હાથે ફ્રેંચમાંથી ગુજરાતીમાં ભાષાંતર પામેલ નવલકથા‘હિન્દુસ્તાન મધ્યેનું ઝૂંપડું’માં જુએ છે.તેઓ ગુજરાતી દલિત નવલકથાના બે ભાગ પાડે છે.૧.દલિત સાહિત્યકાર દ્વારા લખાયેલ નવલકથા ૨.અદલિત સાહિત્યકાર દ્વારા લખાયેલ નવલકથા. આ ઉપરાંત અદલિત સાહિત્યકાર દ્વારા લખાયેલ દલિત નવલકથાના પણ ચાર પેટાવિભાગ કરે છે જેમકે

૧.દલિત સમાજનું યથાતથ યથાર્થવાદી નિરુપણ

૨.દલિત સમાજનું અદલિત સમાજ સાથેના સંબંધોનું દર્શન

૩.દલિત સમાજની દષ્ટિએ અદલિત સમાજનું દર્શન

૪.દલિત સમાજનું નિરુપણ-આદર્શવાદ-રંગદર્શિતાની દષ્ટિએ

તેઓ નોંધે છે કે ગુજરાતી દલિત નવલકથામાં મોટાભાગે ગ્રામ્ય જીવનનાં જ દલિત પરિવેશનું આલેખન થયેલું મળે છે.શહેરી જીવનનું ચિત્રણ થવું હજી બાકી છે.જે થયુ છે તે પણ કસ્બા જેવા શહેરથી

આગળ વધ્યુ નથી.દલિત નવલકથાનો ઉદય ભાવનાશીલ રંગદર્શિતા અને પ્રેમના નિરુપણથી થયો છે એમ તેમને સતત લાગ્યું છે.જોસેફ મેકવાનની નવલકથા'આંગળિયાત'સમગ્ર દલિત સમાજનો આક્રોશ વ્યક્ત કરવાને બદલે રંગદર્શિતાના દાયરામાં બંધાયેલી રહે છે.એ જ રીતે એમની અન્ય નવલકથાઓ 'મારી પરણેતર','દરિયા','લક્ષ્મણની અગ્નિ પરીક્ષા'એ જ ફોર્મ્યુલામાં લખાયેલી છે એમ તેમનું માનવું છે.નવલકથાકાર મોહન પરમાર વિશે તેઓ નોંધે છે કે 'નેળિયું'નવલથા દલિતોની આપદાઓ-વિપદાઓ કે અસ્પૃશ્યતાના કોઈ કોણને સ્પર્શતી નથી.અહી ફિલ્મી જગતમાં કથાનાયકનો જેમ સ્મૃતિભ્રંશ થાય અને જે ઘરમાં તેને આશરો મળે તેના ઘરની દીકરી સાથેના પ્રેમ સંબંધની વાર્તા માંડવામાં લેખક રમમાણ છે.દલિતો પ્રત્યે નાયકને સહાનુભૂતિ છે,એવું દર્શાવવા થોડોક પ્રયત્ન થાય છે જે નિષ્ફળ જાય છે.આખરે જાતિનો ફોળ થતાં કથાનાયક નેળિયે થઈ નાસી જવા નીકળે છે,જ્યારે'પ્રિયતમા'ભાગ-૧/૨માં દલિત સમાજનો સામાજિક પરિવેશ સારી રીતે ઉપસ્યો છે.દલિતોને ગ્રામ્ય જીવનમાં અસ્પૃશ્યતા સિવાયની પડતી હાડમારીઓ,તળપદી ભાષા,ભાષાના કાકુ,નીતિ-અનીતિના આચરણ,કલોલ જેવા કસ્બાની ચાલી,મિલ મજુરી વગેરે સારી રીતે આલેખાયા છે.દલિતોના રીતરિવાજો,આણું ખોળાભરણું અને જિયાણાના પ્રસંગોને વણીને કથાકારે બૃહત્કથા માંડી છે પરંતુ દલિત સમાજ અને અદલિત સમાજ વચ્ચે જે અસ્પૃશ્યતાનું અમાનવીય પાસું છે તેનો નામોલ્લેખ સુદ્ધા કરવામાં આવતો નથી.તેમની ત્રીજી નવલકથા ડાયા પશાની વાડીમાં રંગદર્શિતા વધારે,દલિત વાસ્તવ ઘણું ઓછું છે"[૪૫]

હરીશ મંગલમની નવલકથાઓ'ચોકી','તિરાડ'અને'અગનજાળ'દલિત ગ્રામ્યજીવનનું આલેખન કરે છે.સામાજિક જટિલ સમસ્યાઓનું સુંદર નિરુપણ,સંવાદોમાં તળપદી ભાષાનું જોમ અને ચિંતનાત્મક ગદ્યના ચમકારા તેમની નવલકથાઓમાં વિવેચક જુએ છે.

'મનસ્થ ગમશે' એ સમાજમિત્ર સામયિકના સહસંપાદક નટુભાઈ પરમાર દ્વારા પોતાના જીવનના સંસ્મરણોને આલેખતી'મનસ્થ'સ્મરણકથાની પ્રસ્તાવના રુપે લખાયેલો લેખ છે.આ સંસ્મરણચિત્રોમાં નોખાપણું છે,સચ્ચાઈ છે,કબુલાતો છે એમ તેઓ નોંધે છે.

'૧૯૮૦ પછીના ગુજરાતી સાહિત્યમાં દલિત સ્ત્રી-સર્જકોનું પ્રદાન'લેખમાં તેમણે દલિત સ્ત્રી સર્જકોના પ્રદાન વિશે વાત કરી છે.આ દલિત સ્ત્રી સર્જકોના પ્રદાન વિશે વાત કરતા પહેલા તેઓ જણાવે છે કે"ગુજરાતી સાહિત્યના ઈતિહાસ તરફ નજર નાખીએ તો જણાય છે કે સાહિત્યના મધ્યયુગમાં ધર્મ પ્રત્યેની પ્રતિબદ્ધતા જણાઈ હતી.અર્વાચીન સુધારકયુગની સુધારાઓ સાથેની પ્રતિબદ્ધતા,ગાંધી સમયગાળામાં ગાંધીવિચાર અને પ્રગતિવાદને સહારે સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા,આધુનિકયુગમાં પ્રતિબદ્ધ હોવાની પ્રતિબદ્ધતાએ પોતાની છાયાઓ સાહિત્ય ઉપર નાખી.આ બધી પ્રતિબદ્ધતાઓએ સમાજના મોટા વર્ગને સાહિત્યમાં સ્થાન આપ્યું નહી,પરિણામે આધુનિકયુગમાં જ અનુઆધુનિક સાહિત્યધારાએ દેખા દીધી જેમાં ઉપેક્ષિત વર્ગોની પ્રતિબદ્ધતાનો ઉદય થયો.આ અનુઆધુનિકયુગમાં ઉપેક્ષિત વર્ગોના ફાંટા વિભાગો જોવાયા,જેમાં દલિત,નારી,ગ્રામચેતના,ડાયસ્પોરા સાહિત્ય મૂખ્ય છે"[૪૬]દલિત સાહિત્યએ ગુજરાતી સાહિત્યમાં પ્રથમ પગરણ માંડ્યા અને જેમાં ૧૯૭૯માં'કાળો સૂરજ'કવિતા ઋતુપત્રમાં પ્રથમ વાર બે દલિત કવયિત્રીઓની રચના છપાય છે.જેમાં ઉષા મકવાણા અને

મીના કામલેનો સમાવેશ થાય છે.તેઓ મધ્યયુગમાં થઈ ગયેલા રતનીબાઈ મેઘવાળને દલિત જાતિના પ્રથમ કવયિત્રી માને છે.ઉષા ઉપાધ્યાય દ્વારા સંપાદિત થયેલા સાત જેટલા'નારી સપ્તક'શ્રેણીના પુસ્તકોમાં ક્યાંય દલિત નારી લેખિકાનો નામોલ્લેખ મળતો નથી એ વાત તરફ ધ્યાન દોરે છે..માત્ર આત્મકથામાં જશુમતી પરમારના માડીના ખોળા બેનીએ વીસારી મેલ્યા ને તેમણે સમાવ્યું છે.ગુજરાતી દલિત સાહિત્ય નામકરણ હેઠળ વીસમી સદીના સાતમાં દાયકાથી આરંભાયેલા સર્જનમાં દલિત લેખિકાઓ પાસેથી પણ ઘણી રચનાઓ મળે છે.જેમાં ઉષા મકવાણા,પ્રિયંકા કલ્પિત,ચંદ્રાબેન શ્રીમાળી,મીના કામલે,દક્ષા દામોદરા જેવી કવયિત્રીઓ તો જશુમતી પરમાર,માધવી માધડ ગદ્ય અને નવલકથાક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર લેખિકાઓનાં સર્જનની નોંધ તેઓ અહી લે છે.

'ગુજરાતી દલિત નિબંધ એક સમજ' લેખમાં તેમણે ઈ.સ.૨૦૧૩માં ભગીરથ બ્રહ્મભટ્ટ દ્વારા સંપાદિત અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત'ગુજરાતી દલિત નિબંધ'ની સમીક્ષા પ્રસ્તુત કરી છે.ગુજરાતી નિબંધ અને ગુજરાતી દલિત નિબંધ વચ્ચેના ભેદને તેમણે અહી સ્પષ્ટ કર્યો છે.તેઓ નોંધે છે કે"ગુજરાતી સાહિત્યમાં દલિત નિબંધ વિશે કેટલીય ગેરસમજો પ્રવર્તે છે.સામાન્ય રીતે કહેવાય છે કે દલિત નિબંધમાં રેખાચિત્રો જ વધારે પ્રમાણમાં લખાયાં છે એ વાત સત્ય નથી પરંતુ આવું લખનારની જાણકારીમાં અન્ય પ્રકારના નિબંધોની જાણકારી નથી.જો કે,જોસેફ મેકવાન દ્વારા લખાયેલ પાંચેક જેટલા રેખાચિત્રોનાં સંગ્રહો (જેવા કે વ્યથાના વીતક અને અન્ય)ને લીધે આમ તારણ કાઢવામાં આવ્યુ હોય પરંતુ ધરમાભાઈના સ્મરણલેખ(ભંડારિયું),રમણ માધવ(મનેખ મારા મલકના),ચંદુ મહેરિયા(સંઃમાડી મને સાંભરે રે)બાલકૃષ્ણ આનંદ(સંઃપિતૃગાથા)નટુભાઈ પરમાર(સંઃદીકરી હેતની હેલી)વગેરે પુસ્તકો રેખાચિત્ર કે સ્મરણો કરતાં કઈંક વિશેષ છે.ગાય જો ડેરો(લે-કેશરશિવમ)ના નિબંધો નોંધપાત્ર છે.ઉપરાંત નયા માર્ગમાં છપાયેલ લેખ વતન વિશે તેમજ સ્વકીય(પ્રકાશકઃસાહિત્ય પરિષદ)માં રહેલા દસ જેટલા જુદાં જુદાં નિબંધોની નોંધ લેવી જોઈએ"[૪૭]

આટલી વાત કર્યા બાદ તેઓ 'ગુજરાતી દલિત નિબંધ'સંપાદનમાં સમાવિષ્ટ નિબંધો અને એની પસંદગી પાછળના સંપાદકના નિર્ણયોની વાત કરી છે.સંપાદક દ્વારા થયેલી ભૂલોનો પણ પર્દાફાશ અહી તેઓ કરે છે.દલિત નિબંધ લલિત નિબંધોથી કઈ રીતે જુદાં પડે છે?એની કોઈ વાત રુપરેખામાં પણ સંપાદકે કરી નથી.તેઓ પોતાનું નિરીક્ષણ પ્રસ્તુત કરતા જણાવે છે કે"સંપાદકે દલિત નિબંધમાં સમાવિષ્ટ કરેલા નિબંધોને આધારે કે અન્ય ખૂણેથી નિરીક્ષણ કરીને દલિત નિબંધ વિશે કોઈ સર્વગ્રાહી રુપરેખા દોરી નથી.આ નિબંધો લલિત નિબંધથી કયા પ્રકારે જુદાં પડે છે તેનું મૂલ્યાંકન કર્યુ નથી.ભૂમિકા બાંધી આપી નથી.ફક્ત મેળવાયેલા નિબંધો લઈ સહજ ઉપલક ટિપ્પણી કરીને ઈતિ સિદ્ધમ ગણી લીધું છે.અહી દર્શાવેલ-મેળવાયેલ નિબંધ ખાસ અલગ માનવીય સંબંધો,દલિત ભાવજગત,ભાવના અને વિભાવના સાથે-સાથે જોડાયેલા છે તેના ઈંગિતો દર્શાવ્યાં નથી.તેમ જ લોકો,ગામ,કૂવા,તળાવના સાદા-સીધા અર્થ ન જોતા તે દલિત સમાજ સંદર્ભે કેવાં જુદાં અર્થ તારવી આપે છે તે વિગતે સામાજિક-ધાર્મિક-આર્થિક સ્થિતિ સંબંધોને જોડીને વાત કરવી જોઈએ.જેમાં દલિત વિભાવનાનો અછળતો ઉલ્લેખ પણ કરવામાં

આવ્યો નથી.દલિત નિબંધ એ ગુજરાતી નિબંધથી કઇંક વિશેષ છે તેની ચર્ચા થવી જોઇએ,તે માટે દલિત વિવેચકોએ આગળ આવવું જોઇએ"[૪૮]

'સાહિત્ય અને સમાજની પરસ્પર નિસબત'લેખમાં સમાજશાસ્ત્રી વિદ્યુત જોષી દ્વારા લખાયેલા સાહિત્ય અણે સમાજના પરસ્પર સંબંધની મૂલવણી કરતા પુસ્તક'સાહિત્ય અને સમાજ'ની સમીક્ષા કરવામાં આવી છે.

'દલિત સર્જકો સાથે પ્રશ્નોત્તરી' આ લેખમાં વિવિધ દલિત સર્જકો સાથે દલિત સાહિત્ય સંદર્ભે થયેલી પ્રશ્નોતરી મુકવામાં આવી છે.તો 'ડૉ.સુમન શાહના વિધાન માટે ઉત્તરો' લેખમાં જાણીતા વિવેચક ડૉ.સુમન શાહને આપેલા ઉત્તરો રજુ કરવામાં આવ્યાં છે.

સંદર્ભ સૂચિ

૧.પદચિન્હ,દલપત ચૌહાણ, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી,સંસ્કરણ-૨૦૧૧,પ્રસ્તાવના

૨.એજન,પૃ.૧૫

૩.એજન,પૃ.૧૫

૪.એજન,પૃ.૧૯

૫.એજન,પૃ.૨૨

૬.એજન,પૃ.૪૧

૭.એજન,પૃ.૪૬

૮.એજન,પૃ.૪૯

૯.એજન,પૃ.૫૨/૫૩

૧૦.એજન,પૃ.૫૭

૧૧.એજન,પૃ.૭૬/૭૭

૧૨.એજન,પૃ.૮૦

૧૩.એજન,પૃ.૮૫

૧૪.એજન,પૃ.૮૬-૮૭

૧૫.એજન,પૃ.૯૬-૯૭

૧૬.એજન,પૃ.૧૧૨

૧૭.સમર્થન,દલપત ચૌહાણ,ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૦૯,પૃ.૫

૧૮.એજન,પૃ.૨૧

૧૯. એજન,પૃ.૪૩

૨૦. એજન,પૃ.૫૯

૨૧. એજન,પૃ.૬૬

૨૨. એજન,પૃ.૭૩

૨૩. એજન,પૃ.૭૬-૭૭

૨૪. એજન,પૃ.૮૫-૮૬

૨૫. એજન,પૃ.૯૨-૯૩

૨૬. એજન,પૃ.૯૫-૯૬

૨૭. એજન,પૃ.૯૬-૯૭

૨૮. એજન,પૃ.૧૦૯

૨૯. એજન,પૃ.૧૧૨

૩૦. એજન,પૃ.૧૨૧

૩૧. એજન,પૃ.૧૨૧

૩૨ એજન,પૃ.૧૩૫

૩૩. એજન,પૃ.૧૪૨-૧૪૩

૩૪. એજન,પૃ.૧૪૪

૩૫. એજન,પૃ.૧૪૯

૩૬.શબ્દભેદ,દલપત ચૌહાણ,ગૂર્જર એજન્સી,પ્ર.આ.૨૦૦૫,પૃ.૧૧/૧૨

૩૭.એજન,પૃ.૧૩

૩૮.એજન,પૃ.૧૯

૩૯.એજન,પૃ.૨૪/૨૫

૪૦.એજન,પૃ.૩૩

૪૧.એજન,પૃ.૩૯/૪૦

૪૨.એજન,પૃ.૫૮

૪૩.એજન,પૃ.૬૨

૪૪.એજન,પૃ.૬૯

૪૫.એજન,પૃ.૭૬

૪૬.એજન,પૃ.૮૧

૪૭.એજન,પૃ.૯૪

૪૮.એજન,પૃ.૯૪/૯૫